ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



17 JUNE,2025 TUESDAY



પેજ 2

વિમાન દુર્ઘટનામાં મોતને ભેટેલા ભરૂચના ત્રણના મૃતદેહ પરિવારને સોંપાયા

પેજ 3

વડગામના છાપીમાં નકલી ડીવાયએસપી ઝડપાયો

પેજ 7

થરા માર્કેટયાર્ડમા શોકસભામા સ્વર્ગસ્થ યુવા વહેપારી ગોવિંદ વી.ચૌધરીને શ્રધાંજલિ

પેજ 5
મિથુન, પરિવાર છોડીને નક્સલવાદી જૂથમાં જોડાયા



pakkogujarat/ | Vol. 10 I Issue : 94 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com


વિસ્ફોટ પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે

# યુપીમાં ફટાકડાંની ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ, 4 મહિલાના મોત

## મૃતક મહિલાઓના મૃતદેહને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા : અન્ય ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે

• અમરોહા

યુપીમાં અમરોહા-અતરાસી રોડ પર ખેતરોની વચ્ચે આવેલી ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હતી. આ આગમાં ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એક પુરુષ સહિત નવ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જોરદાર વિસ્ફોટ સાથે થયેલા આ અકસ્માતથી આસપાસનો વિસ્તાર પણ હચમચી ગયો હતો.

ઘટનાની જાણકારી મળતા જ ડીએમ નિધિ ગુપ્તા વત્સ અને પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થળનું નિરીક્ષણ કર્યા પછી સૂચનાઓ આપી હતી.

સમગ્ર મામલાની માહિતી આપતાં અમરોહાના પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદે જણાવ્યું હતું કે, 'આ ફેક્ટરી સૈફૂર અહેમની છે જે જિલ્લા હાપુરના રહેવાસી છે. આ વિસ્ફોટ સોમવારે બપોરે થયો હતો. જેમાં પાંચ મહિલાઓના મોત થયા છે જ્યારે 9 ઘાયલ થયા છે. મૃતક મહિલાઓના મૃતદેહને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. અન્ય ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિસ્ફોટ પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે.'





અમરેલીમાં ભારે વરસાદથી નદી-ચેકડેમ છલકાયા

# સૌરાષ્ટ્ર-દ.ગુજરાતમાં અતિભારે વરસાદને પગલે ઠેરઠેર પાણી ભરાયા, હાઈવે જામ

• અમદાવાદ

ગુજરાતમાં ચોમાસાની ધમધોકાટ શરુઆત થઈ ગઈ છે, રાજ્યના અનેક જિલ્લાઓમાં સામાન્યથી લઈ ભારે વરસાદ પડવાની શરૂ થઈ ગઈ છે, ત્યારે ચોમાસાના પ્રવેશ તેમજ હવામાન ખાતાની આગાહીને ધ્યાને રાખીને રાજ્ય સરકારે સતર્કતાના પગલા શરૂ કરી દીધા છે. રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદને ધ્યાને લઈ નાગરિકોના જાનમાલની રક્ષા અંગે પગલાં લેવા અંગેની જરૂરી સૂચના જિલ્લા કલેક્ટર્સને આપી છે.

રાજ્ય સરકારે હવામાન વિભાગની આગાહીને અનુલક્ષીને જરૂર જણાય ત્યાં તાત્કાલિક અસરથી લોકોનું સલામત સ્થાને સ્થળાંતર કરવા અને ભરાયેલા પાણીના ઝડપી નિકાલ તેમજ વીજ અને ખાદ્ય પુરવઠો, આરોગ્ય અને જીવનરક્ષક દવાઓ સહિતની બાબતોમાં પૂરી સતર્કતા અને અગમચેતી સાથે સજ્જ રહેવા જરૂરી દિશાનિર્દેશ આપ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા નાગરિકોને ભારે વરસાદમાં રાખવાની સાવધાની, તેમજ નદી-નાળા-વહેતા પાણીમાંથી પસાર ન થવા અંગેની સૂચનાઓ આપવામાં આવતી રહે તેવી તાકીદ પણ કલેક્ટર્સને કરી છે.

બીજીતરફ અમરેલી શહેર અને જિલ્લામાં ભારે ઉકળાટ બાદ વહેલી સવારથી મેઘરાજાનું આગમન થયું છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં મોડી રાતથી વરસાદ ખાબકી રહ્યો છે. આજે વહેલી સવારે 6 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધીમાં અમરેલી જિલ્લાના રાજુલામાં 66 મિ.મી., સાવરકુંડલામાં 58 મિ.મી., ખાંભામાં 37 મિ.મી., લીલીયામાં 35 મિ.મી., જાફરાબાદમાં 31 મિ.મી., બગસરામાં 20 મિ.મી., અમરેલીમાં 17 મિ.મી. વરસાદ ખાબક્યો છે. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરતાં લોકોને ગરમીમાંથી રાહત મળી છે.

ભાવનગરમાં પણ સોમવારે (16મી જૂન) આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. જેસરમાં 9 ઈંચ વરસાદ ખાબકી જતાં ચારેકોર પાણી જ પાણીની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન બુઢણાથી પાલિતાણાને જોડતાં કોઝ વેની રેલિંગ ધોવાઈ ગઈ હતી. જ્યારે પાલીતાણા, મહુઆ અને વલ્લભીપુરમાં વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી હતી.

# ઈરાનમાં હજારો લોકો રાતોરાત શહેર છોડી ભાગ્યા

• તહેરાન

અમેરિકા સાથે પરમાણુ સોદા પર વાતચીત રદ કરનાર ઈરાન હાલ ઈઝરાયલના ભયાનક હુમલાઓનો સામનો કરી રહ્યું છે. ઈઝરાયલ અને ઈરાન શુક્રવારથી એકબીજા પર મિસાઈલો સહિતના હથિયારોથી હુમલાઓ કરી રહ્યા છે, જેના કારણે અનેક લોકોમાં ભયના માહોલ ઊભો થયો છે. મીડિયા રિપોર્ટ મુજબ ઈઝરાયલના હુમલાથી ડરી ગયેલા ઈરાનના લોકો રાતોરાત શહેર છોડવા મજબૂર થયા છે, જેના કારણે અહીં રસ્તાઓ પર ચક્કામજામ સર્જાયો છે. આ ઉપરાંત ઈરાની સરકારે પણ તમામ મેટ્રો સ્ટેશનો ખોલી નાખ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ ઈઝરાયલ ઈરાનની રાજધાની તહેરાનમાં સતત ભયાનક હુમલાઓ કરી રહ્યું છે, જેના કારણે ત્યાં ડરના માર્યા લોકો પોતાના ઘરો છોડી અન્ય સ્થળે ભાગવા મજબૂર થયા છે. વાયરલ વીડિયોમાં તહેરાનથી બહારના રસ્તાઓ પર ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળી રહ્યા છે. અહીં અનેક કિલોમીટર સુધી લાંબો ટ્રાફિક જામ થયો છે. ઈઝરાયેલના બોંબમારાના કારણે લોકો તહેરાન છોડી અન્યત્ર દોડી રહ્યા છે. તહેરાન છોડનારાઓની સંખ્યા લાખો લોકોમાં હોવાથી, રસ્તાઓ બંધ થઈ ગયા છે અને લોકો રસ્તામાં જ ફસાઈ ગયા છે. ઈઝરાયલના તાબતોડ હુમલાના કારણે તહેરાનના લોકો ઘર છોડવા મજબૂર થયા છે, સાથે તેઓ જીવનજરુરી ચીજવસ્તુઓ માટે પણ વલખાં મારી રહ્યા છે. બીજી તરફ ઈરાન સરકારના પ્રવક્તા ફતેમેહ મોહરજેરાનીએ સરકારી ટીવીને કહ્યું હતું કે, 'ઈરાનના લોકોએ ડરવાની જરૂર નથી. લોકો ઈઝરાયેલના હુમલા દરમિયાન મસ્જિદો, શાળાઓ અને મેટ્રો સિસ્ટમમાં પણ આશરો લઈ શકે છે.

યોગરાજ સિંહે આ તમામનો આરોપ મોહિન્દર અમરનાથ પર લગાવ્યો

# ગંભીર, દ્રવિડ, ભજ્જી સહિત 7 ખેલાડીઓનું કરિયર ગટરમાં વહાવી દીધું : યોગરાજ સિંહ

• ચંદીગઢ

2011નો વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ આગામી બે વર્ષમાં એક ઉથલ-પાથલ ભર્યા ફેરફારના સમયગાળામાંથી પસાર થઈ, જ્યાં તેને ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે વિદેશી ટેસ્ટ સીરિઝમાં 0-4થી કારમી હારનો સામનો કરવો પડ્યો. આ હાર બાદ ભારતીય ટીમમાંથી એ ખેલાડીઓને બહાર કરી દેવામાં આવ્યા જેમણે ટીમને ચેમ્પિયન બનાવી હતી.

તે સમયે સિલેક્ટર્સે એમએસ ધોનીને કેપ્ટનશીપના પદ પરથી હટાવવાનો પણ નિર્ણય કરી લીધો હતો, જેમાં પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર મોહિન્દર અમરનાથ સિલેક્ટર્સ સમિતિના મુખ્ય સભ્યોમાંથી એક હતો. હવે આ બધા અંગે પૂર્વ ભારતીય સ્ટાર ક્રિકેટર યુવરાજ સિંહના પિતા યોગરાજ સિંહે અમરનાથની સિલેક્શન કમિટિ પર ગંભીર આરોપો લગાવ્યા છે.

એક ઈન્ટરવ્યૂમાં યુવરાજ સિંહના પિતા યોગરાજ સિંહે કહ્યું કે, 'તમે (BCCI સિલેક્ટર્સે) આ છોકરાઓને કોઈ પણ કારણ વગર બરબાદ કરી દીધા. ગૌતમ ગંભીર, યુવરાજ સિંહ, હરભજન સિંહ, ઝહીર ખાન, મોહમ્મદ કૈફ, વીવીએસ લક્ષ્મણ, રાહુલ દ્રવિડ જેવા છોકરાઓને બરબાદ કરી દીધા. તમે તેમને 2011 પછી બસ જવા દીધા.' તમે 2011 વર્લ્ડ કપ બાદ ટીમને સંપૂર્ણપણે બરબાદ કરી નાખી. 7 ખેલાડીઓનું કરિયર ગટરમાં વહાવી દીધું. એટલે આપણે સંઘર્ષ કરી રહ્યા હતા.'તમને જણાવી દઈએ કે, 2011ના વર્લ્ડ કપ પછી ભારતીય ટીમને ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની મોટી સીરિઝમાં મળેલી હાર બાદ ગંભીર, યુવરાજ, ઝહીર અને હરભજન જેવા ખેલાડીઓ ધીમે-ધીમે નેશનલ ટીમમાંથી બહાર થતા ગયા. બીજી તરફ દ્રવિડ અને લક્ષ્મણે પોતાના શાનદાર ટેસ્ટ કરિયરને અલવિદા કહી દીધું.

જોત-જોતામાં 2011ના વર્લ્ડ કપ વિજેતા ટીમના મહત્ત્વપૂર્ણ સભ્યો હોવા છતાં ગંભીર, યુવરાજ, ઝહીર અને હરભજન તમામ 2015ના વર્લ્ડ કપ આવે ત્યાં સુધીમાં વન-ડે ટીમમાંથી સંપૂર્ણપણે બહાર થઈ ગયા હતા. યોગરાજ સિંહે આ તમામનો આરોપ મોહિન્દર અમરનાથ પર લગાવ્યો. તેમણે કહ્યું કે, જ્યારે એમએસ ધોની કેપ્ટન હતો ત્યારે આપણે પાંચ સીરિઝ ગુમાવી અને તેને જણાવવામાં આવ્યું કે, તેનું સ્થાન મોહિન્દર અમરનાથ લેશે, પરંતુ આવું કરવાનો તે રસ્તો

# ચાંદીનું પર્સ અને કાશ્મીરની કાર્પેટ, PM મોદીએ સાયપ્રસના રાષ્ટ્રપતિને આપી

## કાર્પેટમાં બે-ટોન ઇફેક્ટ તેને રંગ બદલતો દેખાય છે

• સાયપ્રસ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સોમવારે (16 જૂન) મધ્ય પૂર્વમાં આવેલા સાયપ્રસ દેશની મુલાકાતે છે. સાયપ્રસમાં રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે પીએમ મોદીને સર્વોચ્ચ નાગરિક સમ્માનથી સમ્માનિત કર્યા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, 'આ સમ્માન 140 કરોડ ભારતવાસિયોનું સમ્માન છે.' સાયપ્રસના પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ રાષ્ટ્રપતિને ખાસ ગિફ્ટ આપી છે.

વડાપ્રધાન મોદીએ સાયપ્રસની ફર્સ્ટ લેડી ફિલિપા કરસેરાને સિલ્વર ક્લચ પર્સ ગિફ્ટમાં આપ્યું છે. આ પર્સ આંધ્રપ્રદેશની પરંપરાગત કારીગરીથી બનાવવામાં આવ્યું છે. જેને રિપોસે ટેકનિકથી તૈયાર કરાયું છે. પર્સની ડિઝાઈન અને આ સિલ્વર ક્લચ પર્સ આધુનિક ડિઝાઇન અને પરંપરાગત ધાતુની કારીગરીનું મિશ્રણ છે. પર્સની ઉપર મંદિરો અને શાહી કલાઓથી પ્રેરિત કોતરણીવાળી ફૂલોની ડિઝાઈન બનાવેલી છે. પર્સના મધ્ય ભાગમાં કિંમતી પથ્થરો જડેલા છે, જે તેની ભવ્યતામાં વધુ વધારો કરે છે. તેનું



આકર્ષક હેન્ડલ, સુશોભિત બોર્ડર તેને શાહી દેખાવ આપે છે. આ પર્સ ભારતની સમૃદ્ધ હસ્તકલા પરંપરાને પ્રતિબિંબિત કરે છે. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સને કાશ્મીરી સિલ્ક કાર્પેટ ભેટમાં આપ્યો છે. કાર્પેટ પર આછા પીળા અને લાલ બોર્ડર છે. કાર્પેટનો મધ્ય ભાગ ઘેરો લાલ છે. કાર્પેટ પર ફ્લોરલ અને ભૌમિતિક ડિઝાઈન છે. કાર્પેટમાં બે-ટોન ઈફેક્ટ તેને રંગ બદલતો દેખાય છે.

ભારત માતા કી જય...'ના નારા ગુંજી ઊઠ્યાં

# ગુજરાતનાં પૂર્વ CM વિજય રૂપાણી પંચમહાભૂતમાં વિલીન

અમદાવાદ: અમદાવાદમાં 12 જૂને (ગુરુવાર) સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો પાર્થિવ દેહ રાજકોટ લવાયો હતો. જેમાં અનેક રાજકીય મહાનુભાવો જોડાયા અને રાજકોટમાં માહોલ ગમગીન બન્યો છે. ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિજય રૂપાણીને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. આ દુર્ઘટનામાં 241 વિમાન મુસાફરો સહિત કુલ 278 લોકોના દુખદ નિધન થયા હતાં. ગઈકાલે ડીએનએ સેમ્પલ મેચ થયા બાદ આજે (16 જૂન) 11:30 વાગ્યે વિજય રૂપાણીનો પાર્થિવ દેહ તેમના પરિજનોને સોંપવામાં આવ્યો હતો, ત્યારબાદ વિજય રૂપાણીના પાર્થિવ દેહને ચાર્ટર પ્લેન દ્વારા સિવિલથી રાજકોટ તેમના નિવાસ સ્થાને લઈ જવામાં આવ્યા હતાં. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા. પૂર્વ સીએમ વિજય રૂપાણીને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ તેમના નિવાસસ્થાનેથી 7:40 વાગ્યે સ્મશાન યાત્રા કાઢવામાં આવી હતી. જ્યારે અંતિમયાત્રા રાત્રે 9:40 વાગ્યે સ્મશાનયાત્રા રામનાથપરા સ્મશાન પહોંચી હતી.

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અંતિમયાત્રા શરૂ થઈ છે. ચાલુ વરસાદમાં પણ અંતિમ દર્શન માટે કોટેચા ચોકમાં લોકો ઉમટી પડ્યા હતા. અંતિમયાત્રા નિવાસસ્થાનેથી રામનાથપરા સ્મશાન પહોંચશે. અંતિમયાત્રામાં 'વિજયભાઈ અમર રહો...' 'ભારત માતા કી જય...'ના નારા ગુંજી ઊઠ્યાં.

# ગાઝામાં ફરી ભોજન વિતરણ દરમિયાન ગોળીબાર, 38 મોત

## હમાસના હુમલા બાદ કરાયેલો આનંદ ભારે પડી રહ્યો છે

• ગાઝા

ઈઝરાયલી સેના ઈરાનની સાથે સાથે ગાઝા પર ભયાનક હુમલાઓ કરી રહી છે. ગાઝામાં અવારનવાર ભોજન વિતરણ કેન્દ્ર પર હુમલા થતા રહે છે, ત્યારે ફરી આવી ઘટના બની છે. ગાઝા પટ્ટીના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, 'ઉત્તર ગાઝાના એક વિસ્તારમાં હજારો લોકો ભોજન વિતરણ કેન્દ્ર પાસે ખાણી-પીણી લેવા માટે એકઠા થાય હતા, જ્યાં આડેધડ ગોળીબાર થયો છે, જેમાં ઓછામાં ઓછા 38 પેલેસ્ટાઈનીઓના મોત અને 70થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મંત્રાલયે કહ્યું કે, 'ભોજન કેન્દ્ર પાસે હજારો લોકો લાઈનમાં ઉભા હતા. આ દરમિયાન અચાનક આડેધડ ગોળીબાર થયો છે. મૃતકોમાં અનેક મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. ઈઝરાયેલના હુમલાના કારણે ગાઝામાં માત્ર કેટલીક હોસ્પિટલો જ બચી છે, જ્યાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા છે. હોસ્પિટલમાં સાધન સામગ્રીની પણ અછત છે. ઉલ્લેખનીય છે કે, ગાઝામાં ગંભીર માનવીય સંકટ ઉભી થયું છે.

ઈઝરાયલ અને હમાસના યુદ્ધના કારણે અહીં ખાદ્ય સામગ્રી, દવાઓ અને વીજળીની અછત વર્તાઈ છે. સંયુક્ત રાષ્ટ્રએ અગાઉ ચેતવણી આપી છે કે, જો ગાઝામાં રાહત સામગ્રી નહીં પહોંચે તો લોકો ભૂખમરો અને બિમારીના કારણે અનેક લોકોના મોત થઈ શકે છે. બીજીતરફ ગાઝાના સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ કહ્યું કે, ઈઝરાયલ ગઈકાલે ગાઝામાં ભયાનક હુમલો કર્યો હતો, જેમાં 16 લોકોના મોત અને 125થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હમાસ સાથે ઈઝરાયેલના યુદ્ધને 20 મહિના થયા છે. હવે તેણે હમાસના સમર્થક ઈરાનને નિશાન બનાવી હુમલા કર્યા છે.

ગાઝાના સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ કહ્યું કે, ઈઝરાયલ ગઈકાલે ગાઝામાં ભયાનક હુમલો કર્યો હતો, જેમાં 16 લોકોના મોત અને 125થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હમાસ સાથે ઈઝરાયેલના યુદ્ધને 20 મહિના થયા છે. હવે તેણે હમાસના સમર્થક ઈરાનને નિશાન બનાવી હુમલા કર્યા છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

ફફડાટ

ગેરકાયદેસર ખનીજનું ખનન અને વહન કરતા તત્વોમાં ફફડાટ

# વાગરાના પખાજણ સહિતના વિસ્તારોમાં તંત્રનો સપાટો, 1.90 કરોડનો મુદ્દામાલ જપ્ત

## વાગરાના પખાજણ, ભરૂચના ઝાડેશ્વર,અને ઝઘડીયાના રાજપારડી સહિત ઝગડિયા ખાતે બ્લેક્ટ્રેપ, સાદી રેતી અને સાદી માટી ખનીજના બિનઅધિકૃત વહન કરતા વાહનો સીઝ કરી ૧.૯૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

• કેતન મહેતા, વાગરા

ભરૂચ જિલ્લા વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લામાં ખનીજનું બિનઅધિકૃત વહન સદંતર બંધ રહે, ખનીજ ચોરી અટકે તે ઉદ્દેશથી સરપ્રાઇઝ ચેકીંગ અને ગેરકાયદેસર ખનન અને ખનીજનું બિનઅધિકૃત વહનની પ્રવૃતિ મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી સતત કરવામાં આવી રહી છે. જે અન્વયે ભુસ્તરશાસ્ત્રી ભરૂચની સુચના અન્વયે ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા તા.૦૯થી ૧૫ જુન ૨૦૨૫ના દિવસ દરમ્યાન ભરૂચ જીલ્લાના અલગ-અલગ સ્થળોએ આકસ્મિક તપાસ કરી હતી. આ તપાસ દરમ્યાન વાગરા તાલુકાના પખાજણ, ભરૂચ તાલુકાના ઝાડશ્વર અને ઝઘડીયા તાલુકાના રાજપારડી-ઝઘડીયા ખાતે કરવામાં આવેલી તપાસ દરમ્યાન બ્લેક્ટ્રેપ, સાદી રેતી અને સાદી માટી ખનીજના બિનઅધિકૃત વહન કરતા કુલ ૮ વાહનો ટ્રક નંબર-(૧) GJ-16-AV-1565 (૨) GJ-16-AW-0365 (૩) GJ-16-AV-7221 (૪) GJ-05-BU-8190 (5) GJ-03-AX-8067 (6) GJ-05-BU-7353 (7) GJ-16-AW-9711 (8) GJ-16-AV-8947 ને સીઝ કરી કુલ-૧.૯૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી જીલ્લા સેવાસદન, ઝઘડિયા પોલીસ સ્ટેશન, રાજપારડી પોલીસ સ્ટેશન અને વાગરા પોલીસ સ્ટેશન ખાતે મુદ્દામાલ જપ્ત કરી રાખવામાં આવ્યો છે.





ગામના કબ્રસ્તાનમાં તેની દફન વિધિ કરવામાં આવી હતી

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ભરૂચના ત્રણ લોકોના મૃતદેહ સ્વજનોને સોંપાયા

માતમ છવાયો

સાહિલ પટેલના મૃતદેહને સારોદ ગામમાં લાવતાં તેમની માતા અને બહેનના રુદનથી ગ્રામજનો વ્યથિત થયા

**બે લોકોની રાત્રે અને એકની ગતરોજ સવારે દફનવિધિ કરાઇ, પરિવારમાં શોકનો માહોલ છવાયો, લોકોની આંખોમાં ગમગીની**

• કેતન મહેતા, ભરૂચ

અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ભરૂચ જિલ્લાના ત્રણ લોકોના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં ભરૂચ શહેરના અલમીના પાર્કના સાજેદાબેન સલીમભાઈ મિસ્ટર, મુમતાઝ પાર્કના અલ્તાફ હુસેન ઈસ્માઈલ પટેલ અને જંબુસરના સારોદ ગામના સાહિલ સલીમભાઈ પટેલનું મોત નિપજ્યું હતું.

પરિવારજનોના DNA ટેસ્ટ બાદ 72 કલાકની પ્રક્રિયા પૂર્ણ થતાં રવિવારે મોડી રાત્રે મૃતદેહ ભરૂચ લાવવામાં આવ્યા હતા. સાહિલ પટેલના મૃતદેહને સારોદ ગામમાં લાવતાં તેમની માતા અને બહેનના રુદનથી ગ્રામજનો વ્યથિત થયા હતા. ત્યારબાદ ગામના કબ્રસ્તાનમાં તેની દફન વિધિ કરવામાં આવી હતી. જ્યારે ભરૂચના અલમીના પાર્કમાં રહેતા સાજેદા સલીમભાઈ મિસ્ટરનો મૃતદેહ પણ મોડી રાત્રિના વહીવટી તંત્રની મદદથી તેમના નિવાસ સ્થાને લાવ્યા બાદ રાત્રિના જ તેમની દફન વિધિ કરવામાં આવી હતી.

તે સમયે સોસાયટી અને વિસ્તારના જાગૃત નાગરિક અબ્દુલ કામથી, ભરૂચ નગરપાલિકા વિપક્ષના નેતા સમસાદઅલી સૈયદ, ભાજપના જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી સહિતના આગેવાનો જોડાયા હતા.



જ્યારે મુમતાઝ પાર્કમાં રહેતા અલ્તાફ હુશેન ઈસ્માઈલ પટેલના મૃતદેહ તેમના વતન કોલાવણા ગામમાં લઈ જઈને આજે સવારે / ગતરોજ ગામના કબ્રસ્તાનમાં તેમની દફન વિધિ કરવામાં આવી હતી.

વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ ઓળખ માટે સરકાર દ્વારા DNA ટેસ્ટની પ્રક્રિયા અપનાવવામાં આવી રહી છે. આ ત્રણેય પરિવારોના DNA ટેસ્ટ મેચ થતા તેમને મૃતદેહ સોંપવામાં આવ્યા હતા.

# પાલેજ નજીક આવેલી HHFMC એકેડમી સ્કૂલ ખાતે સમન્વય 2025 કાર્યક્રમ યોજાયો

તાલીમ-એ-દિન-વ-તસ્વવુફ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું

• કેતન મહેતા, પાલેજ


ભરૂચના પાલેજ નજીક આવેલી HHFMC એકેડમી સ્કૂલ ખાતે કડીવાલા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમન્વય-2025 કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુરાન શરીફથી કરવામાં આવી હતી, ત્યારબાદ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ તેમજ મુખ્ય અતિથિઓ સૈયદ સલીમુદીન ચિશ્તી તેમજ ડૉ.મતાઉદ્દીન ચિશ્તીનું પુષ્પ ગુચ્છ તેમજ મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.



ત્યારબાદ તાલીમ-એ-દિન-વ-તસ્વવુફ પુસ્તકનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કડીવાલા સમાજના ઈમ્તિયાઝ મોદી કે જેઓએ PHD ની પદવી પ્રાપ્ત કરી હતી તેઓનું સૈયદ સલીમુદીન ચિશ્તી તેમજ ડૉ.મતાઉદ્દીન ચિશ્તીના હસ્તે મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ.મતાઉદ્દીન ચિશ્તીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આપણે સૌ અહીં એક ઉદ્દેશ સાથે એકત્ર થયા છે. જે સમન્વયની એક સુંદર શરૂઆત છે.

ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીએ કહ્યું છે કે તમામ ઈબાદતોથી બેહતર ઈબાદત જરૂરતમંદોને અને દુઃખી લોકોને મદદરૂપ બનવું. કડીવાલા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ જે સમાજના ઈજનેરો તેમજ તેજસ્વી તારલાઓનું સન્માન કરી રહ્યો છે તે ખૂબ સરાહનીય અને અન્યો માટે પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે. છાત્રોને સન્માનિત કરવા એ પણ ખૂબ સરાહનીય કાર્ય છે. આપ સૌ અભિનંદનને પાત્ર છો એમ તેઓએ જણાવ્યું હતું. આપને સૌએ નેક નિયતથી કામ કરવાનું છે. કડીવાલા સમાજના ઈજનેરો તેમજ તેજસ્વી તારલાઓને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં દુઆ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# અંકલેશ્વર-સુરત હાઈવે પર સુણેવ ગામ નજીક રોડ પર વૃક્ષ પડતાં વાહનવ્યવહાર ખોરવાયો



• કેતન મહેતા, અંકલેશ્વર

ભરૂચના હાંસોટ અને અંકલેશ્વર વિસ્તારમાં ગતરોજ સવારથી વરસાદી માહોલ સર્જાયો હતો. હાંસોટ પંથકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

અંકલેશ્વરથી સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર સુણેવ ગામ નજીક એક વિશાળ વૃક્ષ રોડ પર પડી ગયું હતું. આ કારણે હાઈવે પરનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. વૃક્ષ મુખ્યમાર્ગ પર પડવાથી બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્રના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે માર્ગ પરથી વૃક્ષને હટાવીને વાહન વ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો.

# આમોદના ઇખર ગામેથી અસ્થિર મગજની યુવતી મળી આવી

• કેતન મહેતા, આમોદ

આમોદ તાલુકાના ઈખર ગામે અસ્થિર મગજની હાલતમાં એક યુવતી ગામમાં રઝળતી જોવા મળી હતી. ગ્રામજનોએ યુવતી ક્યાંથી આવી અને ક્યાં જવાનું છે. તેનું નામ શું છે. તેમ પૂછતાં કોઈ જવાબ આપ્યો ન હતો. જેથી ગ્રામજનોએ આ અંગે તાત્કાલિક આમોદ પોલીસને જાણ કરી હતી. જેથી આમોદ પોલીસ તાબડતોબ ઈખર ગામે પહોંચી ગઈ હતી અને યુવતીને આમોદ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં પોલીસે યુવતીનું કાઉન્સિલિંગ કરતા યુવતી દ્વારા કોઈ જ ઉત્તર આપવામાં આવ્યો ન હતો. જેથી આ યુવતી અસ્થિર મગજની હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી પોલીસે પ્રજા જોગ સંદેશ જાહેર કર્યો છે. ફોટોમાં દેખાતી યુવતીના વાલી-વારસોએ આમોદ પોલીસનો સંપર્ક કરવો તેમજ જો કોઈ આ યુવતીને ઓળખતું હોઈ તો તાત્કાલિક ૦૨૬૪૧૨૪૫૩૩૩ તેમજ ૯૯૭૪૩૬૦૩૨૯ ઉપર જાણ કરવા અનુરોધ કરાયો છે.



વાગરા-મુલેર માર્ગ પર કેશવણ નજીક

# ટ્રેક્ટર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા વિજપોલમાં અથડાયું

• કેતન મહેતા, વાગરા

વાગરા તાલુકાના કેશવણ ગામ નજીક વાગરા-મુલેર માર્ગ પર ટ્રેક્ટર ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા વાહન રોડની સાઈડમાં ઉતરી ગયું હતું. ટ્રેક્ટર KP વિજપોલ સાથે અથડાયું હતું. અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

જો કે, ટ્રેક્ટરના આગળના ભાગને નુકસાન થયું છે. પ્રાથમિક તપાસમાં સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવવાને કારણે અકસ્માત સર્જાયો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.



# જંબુસરમાં સૈયદ ગાંડા બાવાની દરગાહનો ઉર્સ શરીફ પ્રોગ્રામ યોજાયો

• કેતન મહેતા, જંબુસર

જંબુસરના સૂફી સંત સૈયદ સૈયદમીયાં ઉર્ફે ગાંડા બાવાનો સંદલ શરીફ તથા દરગાહ ખાતે પરચમ ચઢાવી હતી. નૂરજહાં કા નૂરે નજર સબ કી આંખ કા તારા, કુતુબુદ્દીન કે ઘર મેં આકે ચમકા, કુતુબ સિતારા યે ગાંડા પીર હમારા. જંબુસરના પવિત્ર સૈયદ કુતુબુદ્દીન હુસેન મિયાં માતા સૈયદાહ નૂરજહાંબીબીના ઘરે સૈયદ સૈયદમીયાં ઉર્ફે પીર રોશન ઝમીર ગાંડા બાવાનો જન્મ થયો હતો. તેઓ સાદગીભર્યું જીવન જીવી એકતા અને ભાઈચારાનો સંદેશ આપેલ, તેઓ ઈસ્લામિક ચાંદ ૧૮ તારીખ ૨૫/૧૨/૧૯૪૫ ના રોજ જન્નત નશીન થયા હતા. જેમનો ઉર્સ મુબારક અસરની નમાજ પછી સંદલ શરીફ જુના કાઝીવાડ ખાતેથી નીકળી નગરના રાજમાર્ગો પર ફરી પરત દરગાહ ખાતે આવી પહોંચી હતી. પરચમ કુશાઈ અને ઈશાની નમાજ બાદ કુર્આનખ્વાની અને સંદલ શરીફની રસ્મ અદા કરવામાં આવી હતી અને બીજા દિવસે ઉર્સ શરીફ સાથે સલાતો સલામનો પ્રોગ્રામ મનાવવામાં આવ્યો હતો તથા ઉર્સ મુબારકની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સૈયદ શાહનવાઝ બાવા, સૈયદ મહંમદ આકીલ બાવા સૈયદ મહંમદ વારિસ ઉર્ફે જાવિદ બાવા, સૈયદ વકીસ બાવા, સહિત યુસુફભાઈ પઠાણ, ધર્મપ્રેમી જનતા હાજર રહ્યા હતા.

ન્યૂઝ ફોકસ

સખી મંડળની બહેનોને આત્મનિર્ભર બનાવવા તાલીમ મંડળની બહેનોને પગભર કરવા માટે પહેલાં વિવિધ તાલીમ આપવામાં આવે છે. ત્યારબાદ ઉદ્યોગ કરવા માટે રીવોલ્વીંગ ફંડ 30 હજાર, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ 1.50 લાખ સખી મંડળની બહેનોને આપવામાં આવે છે

# ભરૂચમાં સરસ મેળામાં 9 દિવસમાં 55 સ્ટોલો પરથી 28 લાખનું વેચાણ કરાયું

મહિલાઓને પગભર કરવા માટે ભરૂચમાં સરસ મેળાનું આયોજન કરવામાં આવ્યું : 19 જિલ્લાની સખીમંડળોની બહેનોએ ભાગ લીધો

• કેતન મહેતા, ભરૂચ

મહિલાઓને પગભર કરવા માટે ભરૂચમાં સરસ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 19 જિલ્લાની સખીમંડળોની બહેનોએ ભાગ લીધો છે. જેમાં મહિલાઓએ પોતાના હાથથી બનાવેલી વસ્તુઓ સહિત ખાણીપીણીની દુકાનો ઊભી કરી છે. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મહિલાઓને પગભર કરવા માટે આયોજન કર્યું હતું. 6થી 15 જૂન દરમિયાન ચાલનાર મેળામાં કુલ 55 સ્ટોલો ઊભી કરવામાં આવી હતી. જેમાં ક્રાફ્ટ, ગારમેન્ટ અને ફૂડ સ્ટોલો ઊભી કરવામાં આવી હતી. જેમાં રોજ 5 હજાર જેટલા લોકો મુલાકાત લઈ રહ્યા હતા અને રોજના અંદાજે 3.50 લાખનું વેચાણ કરવામાં આવ્યું હતું. આમ 9 દિવસમાં 28 લાખનું વસ્તુનું વેચાણ કરવામાં આવ્યું હતું. આમ 19 જિલ્લામાંથી 110 જેટલી સખીમંડળની બહેનો ઉપસ્થિત રહી હતી. ગ્રામ્ય મહિલા દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓને માર્કેટ પૂરું પાડવા વેચાણ માટે પ્લેટફોર્મ બજાર વ્યવસ્થા અને આજીવિકામાં વધારો કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. સખી મંડળની બહેનોને આત્મનિર્ભર બનાવવા તાલીમ મંડળની બહેનોને પગભર કરવા માટે પહેલાં વિવિધ તાલીમ આપવામાં આવે છે. ત્યારબાદ ઉદ્યોગ કરવા માટે રીવોલ્વીંગ ફંડ 30 હજાર, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ 1.50 લાખ સખી મંડળની બહેનોને આપવામાં આવે છે. જેનો ઉપયોગ કરી મહિલાઓ વિવિધ વસ્તુ બનાવી વેચાણ કરીને રોજગારી મેળવી આત્મનિર્ભર બની શકે છે. સાથે જરૂર પડે તો ઓછા વ્યાજે બેન્ક લોન પણ આપે છે.





**એકતાનો પરિચય** **૨૯ શાખાઓના ૧૪૭ પદાધિકારીઓએ હાજરી આપી**

# ભારતીય જૈન મિલન ક્ષેત્ર ૧૦ ના પ્રમુખ અને મંત્રીના કાર્યો પર કાર્યશાળા પૂર્ણ

સાગર / - ભારતીય જૈન મિલન ક્ષેત્ર નં. ૧૦ ના પુરુષ/મહિલા યુવા શાખાઓના પ્રમુખ/મંત્રી, ખજાનચી, પ્રચાર મંત્રીનો કાર્યશાળા જૈન મિલન મકરોનિયાના નેજા હેઠળ દીન દયાળ નગર સાગરના વિવેકાનંદ હોલમાં યોજાયો હતો. મુખ્ય મહેમાન વરિષ્ઠ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અતિ વીર કમલેન્દ્ર જૈન અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અતિ વીર એન્જિનિયર આર. કે. જૈન હતા અને પ્રદેશ પ્રમુખ અરુણ ચંદેરિયાએ અધ્યક્ષતા કરી હતી. સૌ પ્રથમ, ચિત્રાવરણ દ્વારા સ્વ-પરિચય, દીપપ્રવજ્લન, મહાવીર પ્રાર્થના, સ્વાગત પ્રવચન આતિથ્ય શાખાના પ્રમુખ વીર સુરેશ જૈન બીજ નિગમ દ્વારા કરવામાં આવ્યું હતું, પ્રદેશ પ્રમુખ દ્વારા પ્રમુખપદના ભાષણ પછી, કાર્યક્રમની શરૂઆત નાના બાળકો દ્વારા મંગલાચરણ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અતિ વીર એન્જિનિયર દ્વારા કરવામાં આવી હતી. આર.કે. જૈને સંસ્થા પ્રત્યે શાખા પ્રમુખની જવાબદારી, શાખા સંચાલન અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું, પ્રદેશ મંત્રી વીરંગના કવિતા જૈને શાખા મંત્રીના કાર્યો શું છે તેની વિગતવાર માર્ગદર્શન આપ્યું. પ્રદેશ ખજાનચી અતિ વીર પ્રમોદ ભાઈજીએ શાખાના ભંડોળ કેવી રીતે એકત્રિત કરવામાં આવશે અને ખર્ચના હિસાબ કેવી રીતે તૈયાર કરવામાં આવશે તે સમજાવ્યું. પ્રદેશ કાર્યકારી પ્રમુખ અને પ્રદેશ સંયોજક વીર જિનેશ જી બહરોલે શાખાઓમાં માસિક બેઠકોનું મહત્વ અને આવશ્યકતા સમજાવી. પ્રદેશ ઉપપ્રમુખ વીર મનીષ શાસ્ત્રીએ પ્રચાર મંત્રીની ફરજો અને સમાચાર અને ફોટા કેવી રીતે મોકલવામાં આવશે તે વિશે માહિતી આપી. અંતે, વરિષ્ઠ રાષ્ટ્રીય ઉપપ્રમુખ અતિ વીર કમલેન્દ્રજીએ તેમના સંબોધનમાં રાષ્ટ્રીય પ્રાદેશિક સંયોજકને શાખામાં તેમની ઉપયોગિતા, અધિકારો અને જવાબદારીઓનો અહેસાસ કરાવીને શાખાને કેવી રીતે સક્રિય રાખી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું. પ્રાદેશિક/શાખાના અધિકારીઓને તેમની જરૂરિયાતો અનુસાર તેમની જવાબદારીઓ નિભાવવા અપીલ કરવામાં આવી, જેનો સૌએ સ્વીકાર કર્યો અને મિલનની પ્રગતિશીલ પ્રગતિ માટે પ્રતિજ્ઞા લેવામાં આવી. આ કાર્યક્રમનું સંચાલન પ્રાદેશિક મંત્રી શ્રીમતી કવિતા જૈન અને પ્રમુખ મકરોનિયાના મંત્રી આચાર્ય રવિન્દ્ર જૈન દ્વારા કરવામાં આવ્યું હતું અને જૈન મિલન મકરોનિયાના પ્રમુખ વીર સુરેશ જૈન બીજનિગમ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય સંયોજક અતિ વીર મહેશ જૈન, અતિ વીર ઋષભ જૈન સ્ટેશન માસ્ટર, વીર ગુલઝારી લાલ જી, વીર સંતોષ જી, રાષ્ટ્રીય સંયોજક વીરા. કલ્પના સેઠ, મમતા જૈન, સંગીતા ચંદેરિયા, શશી સાતભૈયા, સંગીતા પડેલે, પ્રાદેશિક અધિકારી સંજય જૈન શક્કર, મંજુ જૈન સાતભૈયા, સુધીર ડબલ્યુ, અર્ચના ઈન્દ્ર શ્રી સહિત લગભગ 29 શાખાઓના પ્રમુખો/મંત્રીઓ, આતિથ્ય શાખાના પ્રમુખ વીર સુરેશ જી, મંત્રી વીર રવિન્દ્ર જી, મુખ્ય કાર્યકારી પ્રમુખ વીર રાજેશ જી, ખજાનચી વીર હેમચંદ સહિત અન્ય સભ્યો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આયોજિત વર્કશોપમાં 29 શાખાઓના 147 પદાધિકારીઓએ ભાગ લીધો હતો. તમામ વીર/વીરંગનાઓએ જૈન મિલનના ઉદ્દેશ્યોને




સફળ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સમાપન પંચ પરમેષ્ઠીની પ્રાર્થના સાથે થયું. અંતે, 12 જૂનના રોજ અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને સૌએ શ્રદ્ધાંજલિ આપી.

**છેલ્લા દોઢ વર્ષથી ઢાઢર નદી આવર બ્રિજ કામ બે સાઈટ પર રોડ બનાવવામાં આવ્યો નથી**

# માત્ર કપચી જ છે છતાં પણ બ્રિજ ચાલુ કરી દેવામાં આવ્યો, વાહનચાલકોના જીવ જોખમમાં

**ભ્રષ્ટાચારની બૂ** **વહેલી તકે પુલ ઉપર વ્યવસ્થિત રીપેરીંગ કામ થાય તેવી લોકોમાં માગણી**

**કોન્ટ્રાક્ટર અને એજન્સી દ્વારા પુલ ઉપરના રોડના અધૂરા કામને લઈ કપચી અને માટી ખસેડે અને રોડ વ્યવસ્થિત બનાવે તેવી વાહન ચાલકોની માંગ**

• ફકીરા ખત્રી ડભોઈ

છેલ્લા દોઢ વર્ષથી ઢાઢર નદી આવર બ્રિજ કામ બે સાઈટ પર રોડ બનાવવામાં આવ્યો નથી માત્ર કપચી જ છે છતાં પણ બ્રિજ ચાલુ કરી દેવામાં આવ્યો અવળજોડ કરતા લોકો કપચીના કારણે સ્લીપ ખાવાના બનાવો બની રહ્યા છે ડભોઈ થી વાઘોડિયા જતા વસઈ - અને ગોજાલી ગામની વચ્ચે આવતી ઢાઢર નદી પર તાજેતર માં બની ગયેલા ડભોઈ થી વાઘોડિયા ને જોડતા નાનકડા પુલ ના બાંધકામ નું કામ પૂરું થઈ ગયું છે પરંતુ પુલ ઉપર અને આજુબાજુ રોડ સાઈડ પર છુટ્ટી કપચીના કારણે બાઈક ચાલકો સ્લીપ ખાઈ જવાના બનાવો અને નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય વાઘોડિયા જી.આઈ.ડી.સી માં નોકરી માટે અને પારુલ યુનિવર્સિટી માં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ ને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે હોવા થી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે... વહેલી તકે પુલ ઉપર વ્યવસ્થિત રીપેરીંગ કામ થાય અને કપચી ને દૂર કરે જેથી ચોમાસા દરમિયાન 24 કલાક આ રોડ ઉપરથી રોજી રોટી અને નોકરી માટે બાઈક લઈને અવરજવર કરતા ચાલકોને અકસ્માત અને સ્લીપ ખાવાનો ભય સતાવી રહ્યો છે તેને દૂર કરવા કામગીરી કરવા લોકમાંગ ઉઠવા પામી છે.... સરકારી ગ્રાન્ટ માટે બનેલો પુલ લોકો પણ નવો પુલ બનશે તો ચોમાસમાં પડતી અગવડ દૂર થશે ના આશાવાદ થી ખુશ હતા પરંતુ નાનકડા પુલ ના બાંધકામ પૂર્ણ થતા વાહનોને અવરજવર શરૂ થઈ ગઈ હોય પરંતુ કોન્ટ્રાક્ટર અને એજન્સી દ્વારા પુલ ઉપરના રોડના અધૂરા કામને લઈ કપચી અને માટી ખસેડે અને રોડ વ્યવસ્થિત બનાવે તેવી વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે... ડભોઈ અને વાઘોડિયા વચ્ચે શિક્ષણ, વેપાર, રોજી રોજગાર અને સામાજિક કારણો સર રોજે રોજ સેંકડો લોકો આવ જા કરે ઢાઢર નદી પર પ્રાઈવેટ એજન્સી દ્વારા પુલ નું બાંધકામ કરી રહેલા કોન્ટ્રાકટર અને તેમના સુપરવાઈઝર જે વિસ્તાર ની આ ફરિયાદ છે પરંતુ ઉકત પ્રજાને પડતી હાલાકી ને નજર અંદાજ કરી દેવાઈ છે.વડોદરા જિલ્લા બાંધકામ ખાતા કે જિલ્લા પંચાયત કે ધારાસભ્ય



ની ગ્રાન્ટ માંથી અથવા જેમાંથી પણ પુલ નું બાંધકામ સત્વરે પૂર્ણ થઈ ગયુ છે પરંતુ રોડ ઉપરથી કપચી અને માટી ખસેડવા લોક માંગ પ્રબળ બની છે...

# વડગામના છાપીમાં DySPના નામે લાખોની ઠગાઈ આચરનાર ઝડપાયો

**CMની સુરક્ષામાં હોવાનો ડોળ કરીને છાપીના બિલ્ડર પાસેથી 38 લાખ લીધા હતા**

• વડગામ

વડગામ તાલુકાના છાપી ગામમાં રહેતા એક બિલ્ડર પાસેથી ખાખી વર્દીના નામે એક શખ્સ દ્વારા છેતરપિંડી કરાતાં છાપી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. આ મામલ અસલી પોલીસે નકલી ખાખી વર્દી પહેરીને ઠગનાર નકલી DYSPને ઝડપી લેતાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જીતેન્દ્રસિંહ ઉદેસિંહ રાઠોડ (મૂળ રહે. સરડાઇ, તા.મોડાસા, જિ.અરવલ્લી, હાલ રહે. જય અંબે રેસીડેન્સી ફ્લેટ અંબાજી) નામનો શખ્સ પોતે ગાંધીનગર પોલીસ વિભાગમાં DYSP તરીકે નોકરી કરતો હોવાનું તેમજ CMની સુરક્ષામાં હોવાનું જણાવીને છાપીના ધનરાજભાઈ મેઘરાજભાઈ (ચૌધરી) મોર સાથે વિશ્વાસ કેળવવ્યો હતો. દરમિયાન જીતેન્દ્રસિંહે ગાંધીનગરના કુડાસણ ખાતે ખેતીની જમીન લીધી હોવાનું જણાવી તેના પૈસા ભરવા માટે ધનરાજભાઈ પાસેથી ૩૮ લાખ રૂપિયા ઉછીના પેટે લીધા હતા. બાદમાં આ શખ્સ દ્વારા વાયદા પ્રમાણે પૈસા પરત ના આપતાં ધનરાજભાઈ દ્વારા ગાંધીનગર તપાસ કરી હતી. તે વખતે જાણવા મળ્યું કે, આવા નામનો કોઈ વ્યક્તિ ગાંધીનગર ખાતે DYSP તરીકે કે CMની સુરક્ષામાં ફરજ બજાવતો ન હોવાનું જણાયું હતું. ધનરાજભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી નકલી DYSP બનીને ખાખીના નામે છેતરપિંડી આચરનાર અસલી પોલીસના હાથે ઝડપાતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.પોલીસ દ્વારા નકલી DYSP ને ઝડપી લઈને વડગામ કોર્ટમાં હાજર કરીને બે દિવસના રીમાન્ડ માંગ એક દિવસના રીમાન્ડ મંજૂર કરાયા



હતા.

નકલી ડીવાયએસપી બની ૩૮ લાખની ઠગાઈ આચરનાર પાસેથી રિવોલ્વર, વર્દી, પોલીસના બૂટ, પોલીસનો બેલ્ટ હતો. આ વર્દી તે ક્યાંથી લાવ્યો હતો. તેમાં પણ ખાસ કરીને રિવોલ્વર મળી હતી તે ક્યાંથી લાવ્યો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# વડગામ જલા રોહિત સમાજ દ્વારા ૨૦૨૫ શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી

**મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા**



• દિપક પુરબિયા, વડગામ

વડગામ ખાતે શિક્ષણ સમિતિની બેઠકનું આયોજન સમાજના વડીલો યુવાનો દ્વારા કરવામાં આવ્યુ જેમા 2025 ની શિક્ષણ સમિતિ બાબતે અને પોતાનો કિંમત સમય આપે તે આશય થી શિક્ષણ સમિતિની રચના વડગામ રોહિત જલા દ્વારા કરવામાં આવી જેમાં જિ. પૂર્વ પ્રમુખ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવેલ એવા વડગામ તાલુકાના કિરણભાઈ વડગામાને શિક્ષણ સમિતિના પ્રમુખ તરીકે અને મંત્રી તરીકે અમૃતભાઈ રાજવંસીની નિમણૂક કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત કાનજીભાઈ પરમાર પત્રકાર.એને ચુંટાયેલા પ્રમુખ અને મંત્રી ને વડગામ જલા રોહિત સમાજના તમામ આગેવાનોએ બિનહરીફ પસંદગી કરતા વડગામ જલામા કિરણભાઈ અને અમૃતભાઈને રોહિત સમાજ ના તમામ લોકોએ આનંદ સાથે પ્રમુખ અને મંત્રી બનવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા... વડગામ જલા રોહિત સમાજ દ્વારા શિક્ષણ સમિતિ ૨૦૨૩-૨૪ થી નિષ્ક્રિય હોવાથી ૨૦૨૫ માં નવિન શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી.

# ડભોઇ સરિતા રેલવે ફાટક પાસે બિનવારસી મરણ જનારની લાશ મળી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ સરિતા રેલવે ફાટક પાસે બિનવારસી મરણ જનારની લાશ મળી આવી હતી. એ.એસ.આઈ. ગણપતસિંહ ભીમસિંહ બ.નં-૮૬૧ નોકરી ડભોઈ રેલ્વે પોલીસ સ્ટેશન નાઓનો રીપોર્ટ મુજબ ડભોઈ રેલ્વે પોલીસ સ્ટેશનના અ.મોત નંબર:- ૦૨/૨૦૨૫, BNSS



કલમ-૧૯૪ મુજબના કામે મરનાર એક અજાણ્યો પુરૂષ ઉ.વ.૫૫ ના આશરે તારીખ-૧૪/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૧૬/૦૦ વાગ્યા પહેલા ડભોઈ સરીતા રેલ્વે ફાટક બાયપાસ રેલ્વે પ્લેટફોર્મ કિ.મી.નં. ૨૯/૨૫ -૨૯/૨૬ A ની વચ્ચે રેલ્વે લાઈનની બાજુમાં કોઈ પણ બિમારીના કારણે કુદરતી રીતે મરણ ગયેલ હોય જે મરણ જનારના કોઈ વાલીવારસો મળી આવેલ ન હોય શોધખોળ કરવાની હોય જેથી મરણ જનારનું વર્ણન નીચે જણાવ્યા મુજબનું હોય જે તેના વાલીવારસદારને જાણ થાય અને વાલીવારશદાર મળી આવે તે હેતુંથી તેનું મરણજનારનું વર્ણન :- શરીરે મધ્યમ બાંધાનો રંગે ઘઉં વર્ણનો, ઉંચાઈ ૫×૫", જમણા હાથના કાંડાના ભાગે ઓમ ત્રોફાવેલ છે. કપડાનું વર્ણન :- શરીરે કાળા સફેદ કલરનું ચેક્સ વાળુ આખીબાયનું બુ-સર્ટ પહેરેલ છે. કમરે ભુરા કલરનું જીન્સનું પેઈન્ટ પહેરેલ છે.

**ડભોઈ નગરપાલિકાની પ્રિમોન્સૂન પોલ ખુલી ગઈ**

# ડભોઈમાં મોટાભાગની સોસા.ઓમાં પાણી ભરાયા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેરમાં માત્ર પહેલા જ વરસાદ ની અંદર ડભોઈ નગરપાલિકાની પ્રિમોન્સૂન પોલ ખુલી ગઈ હતી વિકાસના દાવા કરતા વિકાસ કોકળ સાબિત થયો ડભોઈ નગરપાલિકા ચોમાસા પહેલા કરેલી કામગીરી. પ્રિમોન્સૂન માત્ર કાગળ પર હોય એવું લાગી રહ્યું છે ડભોઈ શહેર તાલુકામાં મોડી રાત્રે વરસાદની ધમાકેદાર એન્ટ્રી ઉકરાટ અને બફારાથી લોકોને રાહત મળી મોડી રાજના 3 વાગ્યાથી 8 સવારે વાગ્યા સુધીમાં 6 ઈંચ વરસાદ વરસી પડતાં જોકે નીચાણવાળા વિસ્તારમાં અને મોટાભાગની સોસાયટીઓમાં પણ પાણી ભરાઈ જવાનુ જાણવા મળે છે... ડભોઈ શહેર સહિત અનેક સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયા હતા જેવા ગામોમાં વરસાદ ગાજવીજ અને પવનના સુસવાટા સાથે મોડી રાત્રીએ 3 વાગ્યાથી 8 વાગ્યા સુધી મા 6 ઈંચ વરસાદ વરસતાવાતાવરણમાં ઉકરાટ અને બફારા થી લોકોમા ઠંડક પ્રસરી અને ડભોઈ સર્કિટ હાઉસ પાસે ઝાડ માર્ગ પર નમી પડ્યું પ્રારંભિક વરસાદમાં જ ડભોઈ નગરની અનેક સોસાયટીઓ જળબંબાકાર બની ઉમા સોસાયટી વિમલ સોસાયટી શિવ શક્તિ પાર્ક મોહન પાર્ક સોસાયટી નગરપાલિકા શોપિંગ સેન્ટર સહિત સેવાસદન કમ્પાઉન્ડમાં પાણી ભરાયા ચોમાસાના પ્રારંભે જ ઠેરઠેર પાણી ભરાઈ જતા નગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરી પર લોકોએ સવાલ ઉઠાવ્યા હતા.



# વાઘોડિયા નજીક પાટીયાપુરા ના માર્ગે પર બે બાઇક સામસામે ભટકાતા ચારને ઇજા

• કિશન રોહિડા વાઘોડિયા

વાઘોડિયા ના વાઘોડિયા થી ખેરવાડી માર્ગે પર આવેલ પાટીયાપુરા ગામના બસ સ્ટોપ નજીક બે બાઈક સવારો સામસામે ભટકાતા બને બાઈક પર સવાર ના ચારેય ઈસમો ઈજાગ્રસ્ત બન્યા હતા જેમાં એક બાઈક સવાર ગંભીર હોવાનું જાણવા મળી



રહ્યું છે સાવલી થી વાઘોડિયા ના સોમેશ્વર પુરા ગામે મહેમાનગતિ નો આનંદ માનવા જતાં બળવંતભાઈ પાટણવાડીયા પોતાની પત્ની અને અઢી વર્ષ ના દિકરા સાથે જતી વેળાએ વાઘોડિયા તાલુકાના પાટીયા પુરા ગામના સુનીલ વસાવા બાઈક પર સવાર મિત્ર સાથે હતાં તે દરમિયાન સુનીલ વસાવાએ અન્ય વાહન ની ઓવર ટેક ની લ્હાય માં સામે થી આવતી બાઈક સાથે ધડાકાભેર ટકરાતાં બને બાઈક સવાર ચારેય ઈસમો ફંગોળાઈ ગયા હતા જેમાં બળવંત ભાઈ પાટણવાડીયા નો અઢી વર્ષ ના દિકરા ને ખરોચ સુધ્ધાં આવી ન હતી જેણે રામ રાખે તેને કોણ ચાખે જાહેર માર્ગ પર અકસ્માત ને લીધે ટોળેટોળાં વળી ગયા હતા અકસ્માત ની જાણ વાઘોડિયા પોલીસ ને થતાં ઘટનાસ્થળે ઘસી જ ઈને અકસ્માત માં ઈજાગ્રસ્તો ને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે નજીક ની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડીને આગળ ની કાર્યવાહી આરંભી દીધી છે પાટીયા પુરા ના બાઈક ચાલક સુનીલ વસાવા ને માથાં તેમજ અન્ય શરીર ના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે

**ન્યૂઝ ફોકસ** **સદર બનાવ સબંધે યુક્તિ-પ્રયુક્તિથી સખત પુછ-પરછ કરતા તેણે પોતે લુટ કરેલ હોવાની કબુલાત કરેલ હોય જેથી સદર ગુનાના કામે આરોપીને ડભોઈ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૯૭/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૦૯(૪) મુજબના અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ થયેલ છે આગળની તપાસ પોલીસે હાથ ધરી છે**

# ડભોઈ રાધે કોમ્પ્લેક્ષની સામે ભંગારની દુકાનમાં ચોરી કરનાર આખરે ઝડપાયો

**સી.સી.ટી.વી.મા કેદ થયેલ ચોર ઈસમના ફોટાઓ તથા વિડિયો અંગત બાતમીદારો થકી પોલીસે ઝડપી પાડયો હતો**

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ રાધે કોમ્પ્લેક્ષની સામે ખાંડામા નવદુર્ગા ટ્રેડસ નામની ભંગારની દુકાનની સામે લૂંટનો ગુનો બનેલ હોય અને ડભોઈ પો.સ્ટે. ખાતે બનાવ બાબતે ઉપર મુજબનો ગુનો તા.૧૫/૦૬/૨૦૨૫ના રોજ રજી. કરવામા આવેલ અને સદર ગુનામા કોઈ અજાણ્યો ઈસમ જેની ઉંમર આશરે ૨૦ થી ૨૫ વર્ષની તથા શરીરે મજબુત બાંધાનો તથા તેણે શરીરે ભુરા કલરની ટી-શર્ટ તથા વાદળી કલરનો ચડ્ડો પહેરેલ હતો તેણે આ કામના ફરીયાદીનાઓ પોતાની દુકાનનું તાળુ મારતા હતા તે વખતે તેઓના હાથમા રુપિયા ૬૦,૦૦૦/- પ્લાસ્ટિકની થેલી ખેંચવા જતા ફરીયાદીએ થેલી નહિ છોડતા તેઓને ધક્કો મારી ફરિયાદીના હાથમાંથી રૂપિયા ભરેલ થેલી લઈ નાસી જઈ ગુનો કરેલ હોય. જે ગુનાના ચોર ઈસમને શોધી કાઢવા સારુ અત્રેના પો.સ્ટે.ની અલગ અલગ ટીમો બનાવી ડભોઈ ટાઉનમા લગાવેલ ખાનગી કેમેરા તથા નેત્રમ કંટ્રોલ કમાન્ડના સી.સી.ટી.વી. કેમેરા તથા ટેકનીકલ તથા હ્યુમન સોર્શિસથી તપાસ કરતા સદર ચોર ઈસમ રૂપિયા ભરેલ થેલી લઈને ભાગતો હોવાનુ સી.સી.ટી.વી.મા કેદ થયેલ ચોર ઈસમના ફોટાઓ તથા વિડિયો અંગત બાતમીદારોને મોકલી ઉપરોક્ત ગુનો શોધી કાઢવા માટે તત્પર હતા. તે દરમિયાન પોલીસને હ્યુમન સોર્શિસથી જાણવા મળેલ કે સી.સી.ટી.વી. કેમેરામા કેદ થયેલ ચોર ઈસમ હાલમા ડભોઈ ટાઉન રીધ્ધી સીધ્ધી સોસાયટીમા રહેતો ગોકુલભાઈ વિજયભાઈ વાઘરી નાઓ હોવાનુ જણાવા મળેલ. જેને પોલીસ સ્ટેશન લઈ આવી. સદર બનાવ સબંઘે યુક્તિ-પ્રયુક્તિથી સખત પુછ-પરછ કરતા તેણે પોતે લુટ કરેલ હોવાની કબુલાત કરેલ હોય જેથી સદર ગુનાના કામે આરોપીને ડભોઈ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૯૭/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૦૯(૪) મુજબના અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ થયેલ છે આગળની તપાસ પોલીસે હાથ ધરી છે...



**ખેડૂતોમાં આનંદ** ગાજવીજ સાથે વરસાદ વરસતા બફારાથી લોકોને રાહત

# દ.ગુજરાતમાં ચોમાસાનું વિધિવત્ આગમન, ઉમરપાડામાં 3.5 અને આહવામાં 3 ઈંચ વરસાદ ખાબક્યો

## ચોમાસું શરૂ થતાં ખેડૂતોને નુકસાન! : 6 દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ



• સુરત

દક્ષિણ ગુજરાતમાં ખેડૂતો સહિતના લોકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ચોમાસાનું વિધિવત્ આગમન થઈ ગયું છે. વાદળોના ગડગડાટ અને વીજળીના કડાકા-ભડાકા સાથે 3.5 ઈંચ સુધીનો વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સૌથી વધુ સુરત જિલ્લાના ઉમરપાડામાં 4 કલાકમાં જ 3.50 ઈંચ અને ડાંગના આહવામાં 3 ઈંચ વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગ દ્વારા 14મી અને 15મી જૂનથી વરસાદની પધરામણી થવાની આગાહી કરાઈ હતી. આ આગાહી વચ્ચે રવિવારે (15મી જૂન) બપોરે સુરત શહેર અને જિલ્લામાં વાદળોના ગડગડાટ અને વીજળીના તેજ લિસોટા સાથે મુશળધાર વરસાદ શરૂ થયો હતો. બપોરે 2થી સાંજના 6 વાગ્યા સુધીના 4 કલાકમાં ઉમરપાડામાં 3.50 ઈંચ, કામરેજમાં 1.75 ઈંચ, માંગરોળમાં 1.50 ઈંચ અને સુરત શહેરમાં 1 ઈંચ વરસાદ સહિત તમામ તાલુકામાં મેઘરાજા ઓછા-વધતા પ્રમાણમાં વરસ્યા હતા.વરસાદના કારણે છેલ્લા ઘણાં દિવસોથી અસહ્ય ઉકળાટ-બફારાથી ત્રાસી ગયેલા લોકો વાતાવરણમાં ઠંડક પ્રસરતા ખુશ થઈ ઊઠ્યા હતા. ડાંગ જિલ્લામાં શનિવારે (14મી જૂન) રાત્રિના અને રવિવારે (15મી જૂન) બપોર બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા પાણીની રેલમછેલ થઈ હતી. આહવામાં 3 ઈંચ, સુબીરમાં 2 ઈંચ, સાપુતારામાં 1.8 ઈંચ અને વઘઈમાં 1.5 ઈંચ વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લામાં છેલ્લા 22 કલાકમાં ખેરગામમાં 1.2 ઈંચ, ગણદેવી, ચીખલી 0.5 ઈંચ અને જલાલપોરમાં માત્ર 8 મિમી વરસાદ નોંધાયો હતો.તાજેતરમાં કમોસમી વરસાદ બાદ પાછળ ઠેલાયેલી ઉનાળું ડાંગરની કાપણી બાદ હવે ચોમાસું શરૂ થતાં ઉનાળુ ડાંગર અને પુરેટિયાને નુકસાન થયું છે. વલસાડ જિલ્લામાં રવિવારે (15મી જૂન) સવારે 6થી સાંજે 4 વાગ્યા સુધીમાં 10 કલાકમાં સરેરાશ અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જેમાં ઉમરગામમાં બપોરે 12થી 4 વાગ્યા સુધી માત્ર ચાર કલાકમાં 2.5 ઈંચ વરસાદ પડતા ઠેર-ઠેર પાણી પાણી થઈ ગયું હતું. તાપી જિલ્લામાં શનિવારે (14મી જૂન) સાંજે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. સોનગઢમાં રાત્રે 12થી 2 વાગ્યાના 2 કલાકમાં 1 ઈંચ વરસાદ નોંધાયો હતો.હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આજે અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદને લઈને ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે સાબરકાંઠા, અરવલ્લી, મોરબી, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કર્યું છે.

ખાડીનાં પાણી દરિયાને બદલે શહેરમાં ઘૂસી જાય છે

# ચોમાસું બેસી ગયું ત્યારે તંત્રનો સ્વીકાર: 'ખાડીપૂર માટે ગેરકાયદે જિંગાતળાવ જવાબદાર', હવે તોડાશે

**ચોમાસુ બેઠુ** તમામ પાળા તોડી જમીન સપાટ કરાશે : 50 કિમીની ઝડપે પવન સાથે શહેરમાં સવા ઈંચ વરસાદ

**કાંકરા ખાડીથી મીંઢોળા નદી સુધીના 10 કિમીમાં આવતા જિંગા તળાવો તોડવા ટેન્ડર બહાર પડાશે, પછી તોડાશે**

• સુરત

ચોમાસું બેસી ગયું છે ત્યારે હવે તંત્રએ સ્વીકાર્યું છે કે, 'ખાડીપૂર માટે ગેરકાયદે જિંગાતળાવો જ જવાબદાર છે'. કાંકરા ખાડીથી લઈને મીંઢોળા નદી સુધીના 10 કિમી વિસ્તારમાં અસંખ્ય જિંગા તળાવોને કારણે ખાંડીનું પાણી દરિયામાં જઈ શકતું નથી, જેથી ચોમાસામાં પૂર આવે છે. આ વિસ્તારમાં 5 હજાર ગેરકાયદે જિંગા તળાવો છે, જેથી પાણી મીંઢોળા નદીનું પાણી ખાડીમાં થઈ રહેણાંક વિસ્તારોમાં બેક થાય છે.

હવે આ જિંગા તળાવો તોડવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. આ મુદ્દે કલેક્ટર, સિંચાઈ વિભાગના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી, જેમાં કાંકરા ખાડીથી લઈને મીંઢોળા નદી સુધીમાં બનેલા ગેરકાયદે જિંગા તળાવો દૂર કરવા નિર્ણય લેવાયો હતો. જિંગા તળાવો તોડવા અને ખાડી પહોળી કરવા હવે સિંચાઈ વિભાગ ટેન્ડર બહાર પાડશે ત્યાર બાદ તોડાશે.

શહેરની આપસપાસ અનેક ગેરકાયદે જિંગા તળાવ બન્યાં છે. અત્યાર સુધી જ્યારે તેમનું ડિમોલિશન કરાતું હતું તેમાં જિંગા તળાવનો કોઈ એક પાળો તોડીને પાણી ખાલી કરી દેવામાં આવતું હતું, જેથી ગેરકાયદે જિંગા તળાવો બનાવનારા તત્ત્વો ફરી પાળો બનાવીને જિંગા તળાવો બનાવી દેતા હતા, પરંતુ હવે તમામ જિંગા તળાવો તોડીને જમીનને સમતળ કરી દેવાશે.

આ મામલે મેયરે કલેક્ટરને પત્ર પણ લખ્યો હતો કે, 'કાંકરા ખાડીના મીંઢોળા નદીના મુખ પાસે તેમજ ભીમપોર પાસે બનેલાં જિંગા તળાવો ખાડીપૂર માટે જવાબદાર છે. શહેર હિત ખાતર તાકીદે દૂર કરશો.' આ વર્ષે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે આ દબાણો દૂર કરી જમીનને સમતળ કરવા તેમજ શહેરની ખાડીઓની યોગ્ય સફાઈ કરવામાં આવે તે જરૂરી છે.'

મેયરે કલેક્ટર તંત્રને પત્ર લખી ગેરકાયદે જિંગા તળાવો તોડવા માટે જણાવ્યું હતું, પરંતુ તેનો ખર્ચ કોણ કરશે તે મોટો પ્રશ્ન હતો. જો કે, હવે આ તમામ ખર્ચ સિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવશે. જિંગા તળાવો તોડવા માટે માત્ર જેસીબી જ નહીં પરંતુ ફોકલેન મશીનો પણ લાવવામાં આવશે, જેના માટે સિંચાઈ વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

શહેરમાં ભારે વરસાદની આગાહી વચ્ચે 2 ઈંચ સુધી વરસાદ થયો હતો. સાંજના અરસામાં પવનની ઝડપ 50 કિમીની સુધી નોંધાઈ હતી, જેથી 23 સ્થળે વૃક્ષો ધરાશયી થયા હતા. જિલ્લામાં ઓલપાડમાં 3.25 ઈંચ વરસાદ વરસ્યો હતો. માંગરોળ, પલસાણામાં 1 ઈંચ, બારડોલીમાં દોઢ ઈંચ, મહુવામાં 1 ઈંચ વરસાદ થયો હતો. આગામી 24 કલાક ભારે વરસાદની આગાહી છે. બુધવારથી વરસાદનું જોર ઘટશે. જિલ્લાના વરસાદના કારણે વિયર કમ કોઝવેની સપાટી અડધો મીટર વધી 5.75 મીટર થઈ ગઈ હતી. ભયજનક સપાટી 6 મીટર છે.

મીઠી ખાડીના પાણી બેક થઈને પરવટ ગામમાં ફરી વળતાં સરસ્વતી સ્કૂલ સહિત ઘણા સ્થળો બે બની ગયાં હતાં. ડિ-વોટરિંગ પમ્પ છે, પણ વીજળી ન હોવાથી પાણીનો નિકાલ કરી શકાયો ન હતો. લિંબાયત ઝોને કહ્યું કે, 'સ્કૂલનું લેવલ નીચું છે. દર વર્ષે સંચાલકો પમ્પથી પાણી કાઢે છે. આ વર્ષે શું વ્યવસ્થા કરી તેની માહિતી મેળવાશે.'

પ્રિ-મોન્સૂન કામગીરી પાછળ લખલૂટ ખર્ચ બાદ પણ પરવત ગામમાં પહેલા વરસાદમાં જ પાણી ભરાવો થયો હતો. સામાન્ય વરસાદમાં જ વોટર લોગિંગની સ્થિતિને પગલે પાલિકાની કામગીરી સામે આંગળી ચિંધાઈ હતી. રોડ, ગટર તથા પાણી નેટવર્કનાં કામો ચોમાસા પહેલાં સેફ સ્ટેજ પર લાવવા તાકીદ કરવા છતાં ભટારની બાલ કૃષ્ણ ઈન્ડસ્ટ્રિઝમાં રોડ નિર્માણ અધૂરું છોડાતાં પાણી ભરાવો થયો હતો.

# અમદાવાદ વિમાન ક્રેશમાં આખરે વાપીના 3માંથી 2ના મૃતદેહ સોંપાયા

## યાસ્મીન હાલાણીનો મૃતદેહ બાકી, આણંદ અને વાપી ખાતે પ્રાર્થના સભા



• વાપી

અમદાવાદ વિમાન ક્રેશની ઘટનામાં વાપી હાલાણી પરિવારના ત્રણ સભ્યોમાંથી બે સભ્યોની સોમવારે મૃતદેહ સોંપવામાં આવ્યો હતો.જયારે મૃતક યાસ્મીનબેન હાલાણી બોડી હજુ સોંપવામાં આવી હતી.

બે મૃતકોને બોડીને આણંદ ખાતે તેમના નિવાસ્થાને લવાતા મોટી સંખ્યામાં લોકો હાજર રહીને શ્રદ્ધાંજલિ આપી હતી.મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા વાપી અને આણંદ ખાતે પ્રાર્થનાસભા યોજી છે.

વાપીના બદ્રુદીન હસનાલી હાલાણી (ઉ.વ.68),તેમના પત્ની યાસ્મીન હાલાણી (ઉ.વ.60)અને તેમના ભાભી મલેકબેન રજબઅલી હાલાણી (ઉ.વ.59)અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાનક્રેશ થતાં નિધન થયું હતું.સોમવારે મૃતદેહની ઓળખ થતાં તેમના પરિવારને બદ્રુદીન હાલાણી, મલેકબેન રજબઅલી હાલાણીનો મૃતદેહ સોંપવામાં આવ્યો હતો.

બંનેના મૃતદેહને હાલના આણંદ ખાતેના નિવાસસ્થાન ખાતે લાવવામાં આવ્યા હતાં.યાસ્મીનબેન બદ્રુદીનભાઈ હાલાણીનો મૃતદેહ હજુ પણ સોંપવામાં આવ્યો નથી.વાપી અને આણંદ ખાતે મૃતકોને શ્રધ્ધાંજલિ આપવા પ્રાર્થના સભા યોજવામાં આવી હતી.

મૃતકના ભાઈ રાજુભાઈ હાલાણીએ જણાવ્યું હતું કે બદ્રુદીન હાલાણી અને અમારા પરિવારનો વાપી સાથે વર્ષોથી નાતો રહ્યો છે. જેથી આણંદ ખાતે 20 જૂન અને વાપી ખાતે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજની વાડી હરિયા હોસ્પિટલ રોડ ખાતે 22 જૂન રવિવાર બપોરે 3.30 થી 6.30 કલાકે પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે.

# મંદીના માહોલ વચ્ચે ઠગો સક્રિય:અભિષેક, મિલેનિયમ-4ના બે વેપારીનું ઉઠમણું થયું

## બે વર્ષથી કાપડ ઈન્ડસ્ટ્રીમાં મંદીના માહોલ વચ્ચે ઠગો સક્રિય

• સુરત

રિંગ રોડ વિસ્તારની અભિષેક માર્કેટ અને મિલેનિયમ માર્કેટ-4ના બે વેપારીઓએ ઉઠમણું કરતાં 60 જેટલા વીવરોના રૂપિયા 6 કરોડ ફસાઈ ગયા છે. ઉઠમણું કરનારા ચીટરો છેલ્લા એક અઠવાડિયાથી માર્કેટમાંથી ગુમ થઈ ગયા છે.

છેલ્લા 2થી 3 મહિનાથી દેશભરની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં લગભગ મંદીનો માહોલ ચાલી રહ્યો છે, આ સમયગાળા દરમિયાન ચીટર ટોળકીઓ ટેક્સટાઈલ માર્કેટમાં સક્રિય થઈ ગઈ છે, જેઓ કાપડ વેપારીઓને વિવિધ પ્રકારે લાલચ આપીને છેતરપિંડી કરી રહી છે. બીજી તરફ મંદી હોવાથી વેપારીઓ પણ મોટા જથ્થામાં કાપડનો માલ ઉધારીમાં આપી રહ્યાં છે, જેના કારણે ઉઠમણાંની ઘટનાઓ પણ સતત વધી રહી છે. દરમિયાન અભિષેક માર્કેટ અને મિલેનિયમ માર્કેટમાં



બેસતાં ચીટરો દ્વારા આ ઉઠમણું કરવામાં આવ્યું છે.

છેતરપિંડી કરનારા વેપારીઓ 60થી 70 જેટલા વેપારીઓના રૂપિયા લઈને ગુમ થઈ ગયા છે, જેમાં વીવરો અને બોક્સ પેકિંગ કરતા વેપારીઓના અંદાજીત 6 કરોડ રૂપિયા હાલમાં ફસાઈ ગયા છે. ચીટિંગનો ભોગ બનેલા વેપારીઓ તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ ઠગ વેપારીઓના ફોન જ લાગતા ન હોવાનું વેપારીઓનું કહેવું છે.

# વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા અડાજણના ડો. હિતેશ શાહ અને ડો. અમિતા શાહના મૃતદેહ સુરત લવાયા



• સુરત

અમદાવાદ ખાતે વિમાનની દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મૃતકોના પરિજનોના DNA સેમ્પલ મેચ થયા બાદ તેમના મૃતદેહ પરિવારજનોને સોંપવાની કામગીરી ચાલી રહી છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા અડાજણના ડો. હિતેશ શાહ અને ડો.અમિતા શાહના DNA સેમ્પલ મેચ થતા સોમવારે અમદાવાદથી તેમના પાર્થિવ દેહ સુરત લવાયા હતા. વહીવટીતંત્ર દ્વારા મૃતદેહોને તેમના નિવાસ્થાને પહોંચાડવામાં આવ્યા હતા. જહાંગીરપુરા કુરૂક્ષેત્ર સ્મશાન ગૃહ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. અબ્રામા તાલુકાના કૈલાસબેન ઘનશ્યામભાઈ દયાનીના પાર્થીવ દેહ રાત્રે 1:00 વાગ્યે સુરત પહોંચશે. તેમની અંતિમ યાત્રા સવારે અંદાજે 7:00 વાગ્યે નીકળશે. અત્યાર સુધીમાં 7 વ્યક્તિના DNA મેચ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

સગીરાને લગ્નની લાલચ આપી છેલ્લા એક વર્ષથી દુષ્કર્મ આચરતો હતો

# દુષ્કર્મ અને પોક્સો એક્ટના આરોપીની યુપીથી ધરપકડ

• સુરત

સુરતની ખટોદરા પોલીસે એક 17 વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર આરોપી સોનુકુમાર રાજધીરજ વર્માને તેના વતન ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે. આરોપી સગીરાને લગ્નની લાલચ આપી છેલ્લા એક વર્ષથી દુષ્કર્મ આચરતો હતો, જેના પરિણામે સગીરા ચાર માસની ગર્ભવતી બની હતી.

આરોપી 26 વર્ષીય સોનુકુમાર રાજધીરજ વર્મા, જે મૂળ પુરે શીતલ કુર્મી, મંગૌલી, દૌલતપુરા નિસુરા, જગદીશપુર, અમેઠી, ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. હાલ સુરતના ઉધના વિસ્તારમાં 91, 92, 93 હિરાચંદ ઈન્ડસ્ટ્રીઝ, સુરત રક્તદાન કેન્દ્રની સામે રહેતો હતો, તેણે ભોગ બનનાર સગીરા સાથે મિત્રતા કેળવી હતી. આ મિત્રતાનો લાભ ઉઠાવી, તેણે સગીરાને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.આ કૃત્યના પરિણામે, સગીરા ચાર માસની ગર્ભવતી બની હતી. આ હકીકત સામે આવતા જ આરોપી સોનુકુમાર પોતાના વતન શીતલ કુર્મી, મંગૌલી, દૌલતપુરા નિસુરા, જગદીશપુર, અમેઠી, ઉત્તર પ્રદેશ ખાતે નાસી છૂટ્યો હતો. ખટોદરા પોલીસને મળેલી બાતમીના આધારે, એક ટીમ જગદીશપુર, અમેઠી ખાતે રવાના કરવામાં આવી હતી. પોલીસે આરોપીની વોચ ગોઠવી તેને તેના વતનમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપીને સુરત લાવી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



# વાપી મનપામાં સમાવિષ્ટ ગામોમાં પણ ઘરે ઘરે વેરા વસૂલાત અભિયાન શરૂ કરવામાં આવ્યું

• વાપી

વાપી મહાનગરપાલિકા દ્વારા નવા સમાવિષ્ટ ગામ વિસ્તારમાં પણ વેરા વસૂલાત માટે કેમ્પ કરવામાં આવ્યો હતો.પોતાનો વેરો જમા કરાવી મિલકતધારકો 5 ટકા રિબેટનો લાભ લે એ માટે રવિવારે બલીઠા ગામ વિસ્તાર અને વાપીના ચલામાં ઘર આંગણે વેરો ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.જે અંતર્ગત 15 દિવસમાં 11 ગામના મિલકતધારકોએ રૂ.1.40 લાખના રિબેટનો લાભ લીધો છે.જેમાં સૌથી વધુ લાભ મોરાઈ વિસ્તારના લોકોએ લીધો છે. આગામી 1 ઓક્ટોબરથી ચાલુ વર્ષના વેરા ઉપર ગામ વિસ્તારોમાં પણ વ્યાજ વસૂલવાનું શરૂ કરવામાં આવશે જે ધ્યાને લેવા જણાવાયું છે. રવિવારે વાપીના ચલામાં પ્રમુખ ઓરા સોસાયટીમાં આયોજિત કેમ્પમાં 144 મિલકતધારકોએ રૂ. 5.24 લાખનો વેરો જમા કરાવ્યો હતો.

સોસાયટીના પ્રમુખ બલજિંદર સિંહ દ્વારા વેરા વસૂલાત કેમ્પ માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવી વધુને વધુ લોકોને 5 ટકા રિબેટનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. વેબસાઈટ vapicity.in પર ઓનલાઈન વેરો ભરવાની સુવિધા ઉપલબ્ધ કરી દેવામાં આવી હોવાથી ટેક્સ સુપ્રિન્ટેન્ડેન્ટ રાકેશ ઠક્કરે હવે નાગરિકોને ઘરબેઠા લાભ લેવા જણાવ્યું છે.

**ન્યૂઝ ફોકસ** આ સાયબર ફ્રોડ ગેંગ આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય છે અને તેઓ મ્યાનમારથી પાકિસ્તાન સ્થળાંતર કરવાની તૈયારીમાં હતા, સંભવત: ભારતીય એજન્સીઓની પહોંચથી દૂર રહેવા માટે. આ ટેલિગ્રામ ચેટ્સ દ્વારા જ તેઓ ભારતમાં પોતાના નેટવર્કને ઓપરેટ કરતા હતા અને પૈસાના વ્યવહારોનું સંકલન કરતા હતા

# સુરતમાંથી વધુ એક સાયબર ફ્રોડનું રેકેટ ઝડપાયું,બિશ્નોઈ ગેંગના સભ્યો સહિત ત્રણની ધરપકડ

## મોબાઈલ ચેટમાં બર્મા, પાકિસ્તાન અને ચાઈનીઝ ગેંગનો ઉલ્લેખ : રાજસ્થાનની બિશ્નોઈ ગેંગના બે સાગરિતો ઝડપાયા

• સુરત

સુરત ક્રાઈમ બ્રાંચે વધુ એક આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ રેકેટ ઝડપી પાડ્યું છે. રાજસ્થાનની બિશ્નોઈ ગેંગના બે સાગરિતો સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરી છે. જેઓના કબજામાંથી ડેબીટ કાર્ડ અને બેંક એકાઉન્ટની વિગતો મળી આવી છે. આરોપીઓના મોબાઈલમાંથી 335 જેટલા સ્ક્રીન શોટ મળતા કૌભાંડના તાર મ્યાનમાર સુધી હોવાનું ખૂલ્યું છે. ચાઈનીઝ ગેંગના સભ્યો તેનું હેડક્વાર્ટર મ્યાનમારથી બદલીને પાકિસ્તાન ખસેડવાની વિચારણા કરતા હોવાનો પણ ચેટમાં ખુલાસો થયો છે.

આ ગેંગ ભારતમાં નકલી બેંક ખાતા ખોલી, ક્રેડિટ કાર્ડ મેળવી અને વિવિધ ડિજિટલ માધ્યમો દ્વારા છેતરપિંડી આચરતી હતી. બેંક એકાઉન્ટ ખોલીને તેમાં ઈન્ટરનેશનલ ગેમિંગ, ફોરેક્સ, હવાલા, સાયબર ફ્રોડ અને ચીટિંગના નાણાં ટ્રાન્ઝેક્શન કરવા અને યુએસડીટી (USDT) દ્વારા તેને દેશ બહાર મોકલવાનું કૌભાંડ બહાર આવ્યું છે, જેમાં રાજસ્થાનની બિશ્નોઈ ગેંગનું નામ સામે આવ્યું છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે રેલવે સ્ટેશન નજીકથી બિશ્નોઈ ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે તેમની પાસે થી મળી આવેલ સ્ક્રીન શોટમાં ચાઈનીઝ ગેંગની વાતોથી આ મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે.ક્રાઈમ બ્રાન્ચે સુરત રેલવે સ્ટેશન નજીકની એક હોટેલમાંથી રામસ્વરૂપ બિશ્નોઈ અને સાગર બિશ્નોઈની ધરપકડ કરી છે, જેઓ રાજસ્થાનના જોધપુરના રહેવાસી છે. તેઓ બેંક એકાઉન્ટ ખોલવા બાબતે સુરત આવ્યા હતા અને તેમની ધરપકડ કરવામાં આવી છે. તેમની પૂછપરછ બાદ બોટાદના ગાબુ સંજયની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે અત્યાર સુધીમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ત્રણ લોકોને વોન્ટેડ જાહેર કરાયા છે. આ કેસમાં બોટાદથી ગાબુ ઉર્ફે સંજય રામજીભાઈ અને જોધપુરના રામસ્વરૂપ શિવનાથરામ બિશ્નોઈ તથા સાગર ભાગીરથ બિશ્નોઈ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે.આરોપીઓ પાસેથી મળી આવેલા આઠ મોબાઈલ ફોન અને તેમાંથી મળેલા 335 જેટલા સ્ક્રીનશોટ આ કૌભાંડની ગંભીરતા દર્શાવે છે. આ સ્ક્રીનશોટમાં ક્રાઈમ બ્રાન્ચને ઘણા ચોંકાવનારા ખુલાસા મળ્યા છે. ખાસ કરીને, ટેલિગ્રામ ચેટ પરથી મળેલા એક સ્ક્રીનશોટમાં, ચાઈનીઝ ગેંગનો એક સભ્ય સ્પષ્ટપણે લખે છે કે, "ટૂંક સમયમાં હેડક્વાર્ટર બર્માથી (મ્યાનમારથી) પાકિસ્તાનમાં બનાવવામાં આવી રહ્યા છે."





# ઉર્ફી જાવેદે અપૂર્વા માખીજાને ગાળો આપી!

## કરન જોહરના શોમાં ઓફ-કેમેરા માથાકૂટ થઈ

ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ 'થી ચર્ચામાં આવેલી ઈન્ફ્લુએન્સર એક્ટ્રેસ અપૂર્વા માખીજા, કરણ જોહરના રિયાલિટી શો ધ ટ્રેટરમાં કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળે છે. તાજેતરમાં જ અપૂર્વાએ ખુલાસો કર્યો છે કે શોમાં ઉર્ફી જાવેદ સાથે તેની ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ ઉર્ફીએ ઓફ-કેમેરા ગાળો આપી હતી.અપૂર્વાએ પોતાની યૂટ્યુબ ચેનલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે અને જણાવ્યું છે કે- શોના એક એપિસોડમાં તેનો બ્રેકડાઉન થયો હતો. શોમાં આવતા પહેલા, તેનો તેની માતા સાથે ઝઘડો થયો હતો. તેમની વાતચીત બંધ થઈ ગઈ હતી, પછી તે શોમાં આવી હતી. શોના નિર્માતાઓએ તેને કહ્યું હતું કે- તે પરિવાર સાથે 3 વાર ફોન પર વાત કરી શકે છે. જ્યારે તેણે તેની માતાને ફોન કરવાનું કહ્યું, ત્યારે નિર્માતાઓએ કહ્યું કે- કોન્ટ્રાક્ટમાં આવું કંઈ નથી. આ પરેશાનીને કારણે તે રડી રહી હતી, પછી ઉર્ફી જાવેદ વારંવાર આવી અને તેને રડવાનું કારણ પૂછવા લાગી.આ સમયે જન્નત ઝુબૈરે ઉર્ફીને સમજાવ્યું કે- તેણે અપૂર્વાને થોડા સમય માટે એકલી છોડી દેવી જોઈએ, પરંતુ તેમ છતાં જ્યારે ઉર્ફી વારંવાર પ્રશ્નો પૂછવા લાગી, ત્યારે અપૂર્વા ગુસ્સે થઈ ગઈ હતી.અપૂર્વાએ તેના વીડિયોમાં જણાવ્યું છે કે- ટાસ્ક પૂરો થયા પછી, બધા કેમેરા બંધ થઈ ગયા હતા. જ્યારે ઉર્ફીએ તેને પૂછ્યું કે- તું મને કેમ નથી કહી રહી, ત્યારે અપૂર્વાએ કહ્યું કે- મને એકલો છોડી દો. બધી વાતો તમારા વિશે નથી હોતી.અપૂર્વાએ કહ્યું- હું તે સમયે તેનાથી ગુસ્સે નહોતી, કારણ કે તે સમયે મારી સમસ્યા અલગ હતી. મારી સમસ્યા મારી માતા હતી. તેથી મને તે સમયે કોઈ પરવા નહોતી કે ઉર્ફી જાવેદ મને પસંદ કરે છે કે નહિ. જ્યારે અમે પાછા ફર્યા, ત્યારે તે શોમાં બતાવવામાં આવ્યું ન હોત, પરંતુ તે શોમાં બન્યું. ઉર્ફીએ મને ગાળો આપીને ફોન કર્યો. મેં જવાબ આપ્યો, ઉર્ફી શાંતિ રાખ. મેં બસ એટલું જ કહ્યું. તેણે કહ્યું- તને ખબર નથી કે તું કોની સાથે વાત કરી રહી છે. તારા લેવલ પર છું કે તું આવી વાત કરી રહી છે. અપૂર્વાએ આગળ કહ્યું કે- તે મારી પર જોર-જોરથી બૂમો પાડવા લાગી.12 જૂનથી એમેઝોન પ્રાઈમ પર સ્ટ્રીમ થઈ રહેલા આ શોમાં અપૂર્વા માખીજા, ઉર્ફી જાવેદ, જન્નત ઝુબૈર, રફતાર, સુધાંશુ પાંડે, મહિપ કપૂર, અંશુલા કપૂર, પુરવ ઝા સહિત ઘણા લોકો ભાગ લે છે.



# મિથુન, પરિવાર છોડીને નક્સલવાદી જૂથમાં જોડાયા

## પહેલાં લગ્ન ચાર મહિના ટક્યાં, શ્રીદેવી સાથે નામ જોડાયું; મંદાકિનીને કારણે દાઉદ તરફથી ધમકીઓ મળી

• મુંબઈ

બોલિવૂડના ડિસ્કો ડાન્સર અને 'દાદા' તરીકે જાણીતા મિથુન ચક્રવર્તીની ફિલ્મ કારકિર્દી પાંચ દાયકાથી વધુ લાંબી રહી છે. મિથુન ચક્રવર્તીએ 350 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. મિથુન માત્ર એક એક્ટર જ નહિ, પરંતુ એક ઉદ્યોગપતિ અને રાજકારણી પણ છે. તેમને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, ફિલ્મફેર, પદ્મ ભૂષણ અને સિનેમાના સૌથી મોટા સન્માન, દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.

મિથુન ચક્રવર્તીનું સાચું નામ ગૌરાંગ ચક્રવર્તી છે. 16 જૂન 1950ના રોજ કોલકાતામાં જન્મેલા મિથુન બે ભાઈઓમાં નાના હતા. યુવાનીમાં તેમનો ઝુકાવ નક્સલવાદી વિચારધારા તરફ હતો. તે સમયે બંગાળમાં નક્સલવાદી ચળવળ ચરમસીમાએ હતી. કેટલાક લોકોના સંપર્કમાં આવ્યા બાદ મિથુન પોતાનો પરિવાર છોડીને નક્સલવાદી જૂથમાં જોડાયા.જ્યારે પોલીસે નક્સલવાદીઓ સામે કાર્યવાહી શરૂ કરી, ત્યારે મિથુનને તેના સાથીઓ સાથે ભૂગર્ભમાં જવું પડ્યું. તે ઘણા મહિનાઓ સુધી છુપાયેલા રહ્યા.

આ સમય દરમિયાન મિથુનના મોટા ભાઈનું વીજળીના કરંટથી મૃત્યુ થયું. ઘરની પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. પરિવાર એકલા પડી ગયા હતા. મિથુને પોતાના પરિવાર માટે નક્સલવાદ સાથેના સંબંધો તોડી નાખ્યા અને પાછા ફર્યા. તેમણે પરિવારની જવાબદારી પોતાના ખભા પર લીધી.ઘરે પાછા ફર્યા પછી, મિથુને અભિનયમાં કારકિર્દી બનાવવાનું વિચાર્યું. આ માટે, તેઓ પુણેમાં ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (FTII) ગયા. તેમણે એક્ટિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો અને કામ માટે મુંબઈ ગયા. તેઓ અહીંના સ્ટુડિયોમાં ગયા, પરંતુ દરેક જગ્યાએ નિરાશ થયા. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેમને ઘણી વખત ફૂટપાથ પર ખાલી પેટે સૂવું પડ્યું.ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યૂમાં મિથુને કહ્યું હતું કે- "મેં એવા દિવસો વિતાવ્યા છે જ્યારે મારે ખાલી પેટ ફૂટપાથ પર સૂવું પડતું હતું. ઘણી વાર મને વિચાર આવતો કે મને બીજા દિવસે ખાવાનું મળશે કે નહીં. બીજા દિવસે સૂવા માટે જગ્યા મળશે કે નહીં."ઘણા મહિનાઓ સુધી ફિલ્મ સ્ટુડિયોમાં ફર્યા પછી, મિથુનને હીરો બનવાની તક મળી નહીં, પરંતુ તે યુગની ફેમસ એક્ટ્રેસ હેલનના આસિટન્ટ બનવાની તક મળી. આસિટન્ટ બન્યા પછી, તેમણે પોતાનું નામ મિથુનથી બદલીને રેઝ રાખ્યું. હેલનને મદદ કરતી વખતે, મિથુન તેમની ફિલ્મોના સેટ પર જતા. લોકોને ખબર પડવા લાગી કે મિથુન એક્ટિંગ પણ શીખી ગયા છે, તેથી તેમને કેટલીક ફિલ્મોમાં નાના રોલ મળવા લાગ્યા. આમાં ફિલ્મ "દો અંજાને"નો પણ સમાવેશ થાય છે. કેટલીક ફિલ્મોમાં મિથુને હીરોના બોડી ડબલ તરીકે પણ કામ કર્યું હતું.નવેમ્બર 2022 માં 'સા રે ગા મા પા લિટલ ચેમ્પ્સ' શોના એપિસોડ 9માં મિથુન ચક્રવર્તીએ કહ્યું હતું કે, "હું ક્યારેય ઈચ્છતો નથી કે મારે જે જીવનમાંથી પસાર થયું પડ્યું છે, આ પ્રકારના જીવનમાંથી બીજા કોઈને પણ પસાર થવું પડે. બધાએ સંઘર્ષ કર્યો હશે અને મુશ્કેલ દિવસો જોયા હશે, પરંતુ મારી સ્કિનના રંગ વિશે હંમેશા મારી મજાક ઉડાવવામાં આવી છે. વર્ષો સુધી, મારા રંગને કારણે મારે નીચું જોવાનું થયું."મિથુને મૃણાલ સેનની ફિલ્મ 'મૃગયા'થી હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કર્યો. તેમને તેમની પહેલી ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો.

### એક તબક્કે જમવાના બદલામાં ઈન્ટરવ્યુ આપતા હતાં મીથુન

મે 2025માં બોલિવૂડ બબલને આપેલા એક ઈન્ટરવ્યૂમાં, રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા પછી પણ મિથુનના સંઘર્ષ વિશે, તેમના પુત્ર મિમોહ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે- "જ્યારે પપ્પાને તેમની પહેલી ફિલ્મ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો, ત્યારે એક રિપોર્ટર તેમને ક્યાંક શોધી રહ્યો હતો, કારણ કે તે સમયે પપ્પા કંઈ નહોતા. તેમણે ફિલ્મ ''મૃગયા'માં એક આદિવાસીનો રોલ ભજવ્યો હતો. તેમને ''મૃગયા' માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો, પરંતુ કોઈ તેમને શોધી શક્યું નહીં."મિમોહ ચક્રવર્તીએ આગળ કહ્યું, "પછી તે રિપોર્ટરે તેમને શોધી કાઢ્યા અને પૂછ્યું- 'શું તમને જ એવોર્ડ મળ્યો છે?' પપ્પાએ કહ્યું, 'હા સાહેબ, હું જ છું.' રિપોર્ટરે કહ્યું, 'મને તમારો ઈન્ટરવ્યૂ જોઈએ છે.' પપ્પાએ એક શરત મૂકી - પહેલા મને કંઈ ખવડાવશો, પછી હું ઈન્ટરવ્યૂ આપીશ. કલ્પના કરો, તેમની પહેલી ફિલ્મ માટે રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યા પછી, તેમની માંગ હતી - 'મને ખાવાનું આપો'."

### મિથુનને 'ડિસ્કો ડાન્સર'થી ખૂબ ઓળખ મળી




1982માં આવેલી ફિલ્મ 'ડિસ્કો ડાન્સર'થી મિથુનને તેમના ફિલ્મી કરિયરમાં મોટી સફળતા મળી. આ ફિલ્મ વિશ્વભરમાં 100 કરોડની કમાણી કરનારી પહેલી હિન્દી ફિલ્મ હતી. ખાસ વાત એ હતી કે તેનું કલેક્શન ભારત કરતાં સોવિયેત યુનિયનમાં વધુ હતું. મિથુન ડાન્સર નહોતા, પરંતુ જ્યારે તેમણે ફિલ્મની જરૂરિયાત મુજબ ડાન્સ કર્યો, ત્યારે તેમના સ્ટેપ્સ આખા દેશમાં પ્રખ્યાત થઈ ગયા.ફિલ્મ 'ડિસ્કો ડાન્સર'માં મિથુન ચક્રવર્તીની સાથે કિમ યશપાલ, ઓમ પુરી, ગીતા સિદ્ધાર્થ અને કરણ રાજદાન પણ હતા.ફિલ્મ 'ડિસ્કો ડાન્સર'માં મિથુન ચક્રવર્તીની સાથે કિમ યશપાલ, ઓમ પુરી, ગીતા સિદ્ધાર્થ અને કરણ રાજદાન પણ હતા.મિથુન ચક્રવર્તી ત્યારબાદ કસમ પૈદા કરને વાલે કી (1984), કમાન્ડો (1988), પ્યાર ઝુકતા નહીં (1985), ગુલામી (1985), મુઝે ઈન્સાફ ચાહિયે (1983), ઘર એક મંદિર (1984) અને મંદિર (1988) જેવી ફિલ્મોમાં તેમના ઉત્તમ અભિનય સાથે ટોચના સ્ટાર બન્યા.1989માં મિથુન ચક્રવર્તીની 17 ફિલ્મો એકસાથે રિલીઝ થઈ હતી. જેમાં 'ઈલાકા', 'મુજિમ', 'પ્રેમ પ્રતિજ્ઞા', 'લડાઈ', 'ગુરુ' અને 'બીસ સાલ બાદ' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. મિથુન ચક્રવર્તી એક વર્ષમાં સૌથી વધુ ફિલ્મો કરનાર બોલિવૂડ એક્ટર હોવાનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે.

## રવિના ટંડન એર ઈન્ડિયાના સપોર્ટમાં ઉતરી

# અમદાવાદ વિમાન દુર્ઘટના પછી ફ્લાઈટમાં મુસાફરી કરી કહ્યું- ક્રૂએ દુઃખ છુપાવીને અમારું સ્વાગત કર્યું

• અમદાવાદ



અમદાવાદમાં 12 જૂનના રોજ થયેલી વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાની ભારે ટીકા થઈ રહી છે. દરમિયાન એક્ટ્રેસ રવિના ટંડને અકસ્માત બાદ મુસાફરી માટે એર ઈન્ડિયા પસંદ કરી હતી. એક્ટ્રેસે કહ્યું કે, 'મુસાફરી દરમિયાન બધા મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ વચ્ચે સહાનુભૂતિ હતી અને ક્રૂ મેમ્બર્સ સ્મિત સાથે પોતાનું દુ:ખ છુપાવી રહ્યાં હતાં.'

રવિના ટંડને સોમવારે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટની કેટલીક તસવીરો શેર કરી છે. આ સાથે એક્ટ્રેસે લખ્યું, 'એક નવી શરૂઆત, દરેક મુશ્કેલી વચ્ચે ઊભા થવાની અને ઊંચા ઊડવાની, ફરીથી ઉભા થવાની અને ફરીથી શરૂઆત કરવાની. વાતાવરણ ગંભીર હતું અને ક્રૂ પોતાનું દુ:ખ છુપાવીને સ્મિત સાથે પેસેન્જરના સ્વાગત કરી રહ્યું હતું. શાંત મુસાફરો અને ક્રૂ વચ્ચે એક કરુણા અને થોડો આત્મવિશ્વાસ જોડાયેલા હતા.

રવિનાએ આગળ લખ્યું, 'પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે મારી સંવેદના. એક એવો ઘા જે ક્યારેય રૂઝાશે નહીં. ભગવાન હંમેશા તમને, એર ઈન્ડિયા, મદદ કરે અને તમે આ ઘટનાને પૂર્ણ શક્તિથી પાર કરો. જય હિંદ.'

નોંધનીય છે કે, રવિના ટંડન પહેલાં ઝીનત અમાને પણ વિમાન દુર્ઘટના પછી એર ઈન્ડિયામાં મુસાફરી કરી છે. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતા ઝીનત અમાને લખ્યું, 'આજે સવારે હું એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ચઢી અને સીટ બેલ્ટ બાંધતાની સાથે જ હું સંપૂર્ણપણે લાગણીઓથી ભરાઈ ગઈ. હું પ્રાર્થના કરું છું કે આપણો સાથ એવા લોકોને થોડી સાંત્વના આપે, જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે.'12 જૂનના રોજ, એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ AI-171 (181-8 બોઈંગ ડ્રીમલાઈનર) ટેકઓફ થયાના થોડા સમય પછી જ ક્રેશ થઈ ગઈ. વિમાન બી.જે. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના હોસ્ટેલ બિલ્ડિંગ સાથે અથડાયું હતું.આ અકસ્માતમાં 275 લોકોના મોત થયાં હતાં, જેમાં વિમાનમાં સવાર 241 લોકો (229 મુસાફરો અને 10 કેબિન ક્રૂ, 2 પાઈલટ), હોસ્ટેલ બિલ્ડિંગ અને બાકીના 34 લોકોનો સમાવેશ થાય છે.

# 'મુંબઈમાં મહિલાઓ સુરક્ષિત નથી':સાઉથ એક્ટ્રેસ માલવિકાના દાવા પર પોલીસનો જવાબ, કહ્યું- કૃપા કરીને અમારો 112/100 પર સંપર્ક કરો

મુંબઈ : સાઉથ એક્ટ્રેસ માલવિકા મોહનનએ તાજેતરમાં મુંબઈમાં મહિલાઓની સુરક્ષા વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે- કોલેજના દિવસોમાં, તે લોકલ ટ્રેનમાં મુસાફરી કરતી હતી અને સલામતી ફક્ત નસીબની વાત હતી. માલવિકાનું નિવેદન બહાર આવ્યા પછી, મુંબઈ પોલીસે આ અંગે ખેદ વ્યક્ત કરીને પ્રતિક્રિયા આપી છે.

માલવિકાએ થોડા સમય પહેલા હોટરફ્લાયને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે- આજે મારી પાસે એક કાર અને ડ્રાઈવર છે, તેથી જો કોઈ મને પૂછે કે શું મુંબઈ સલામત છે, તો હું કદાચ હા કહીશ, પરંતુ જ્યારે હું કોલેજમાં હતી ત્યારે મારો અભિપ્રાય સંપૂર્ણપણે અલગ હતો. હું લોકલ ટ્રેનો અને જાહેર બસોમાં મુસાફરી કરતી હતી. તે સમયે, મને તે સલામત લાગતું ન હતું. તે ફક્ત નસીબની વાત હતી. તમારે ફક્ત આશા રાખવાની હતી કે તમારી યાત્રા કોઈપણ ઘટના વિના પસાર થાય.

માલવિકાના નિવેદન પછી, મુંબઈ પોલીસે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા તેનો જવાબ આપ્યો છે. પોસ્ટમાં લખ્યું છે કે- મિસ માલવિકા, અમારી સામે એક ઓનલાઈન પોર્ટલ આવ્યું છે, જ્યાં તમે તમારો અનુભવ શેર કર્યો હતો અને શહેરમાં મહિલાઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અમે કલ્પના કરી શકીએ છીએ કે આવા અનુભવો આઘાતજનક હોય છે અને લાંબા ગાળાની અસર છોડી જાય છે. તેથી, આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે દિવસના કોઈપણ સમયે અથવા શહેરમાં ક્યાંય પણ, કૃપા કરીને અમારો 112/100 પર સંપર્ક કરો અને અમે શક્ય તેટલી વહેલી તકે સહાય પૂરી પાડીશું. રિપોર્ટ ન કરવાથી ગુનેગારને પ્રોત્સાહન મળે છે.

**ગણપત યુનિવર્સિટી દ્વારા ગઈ તા ૧૨મી જૂન, ૨૦૨૫ના રોજ દુબઈ ખાતે યોજાયેલી "ગ્લોબલ મેરિટાઈમ સમિટ-૨૦૨૫ને" ભારે મોટી ઐતિહાસિક સફળતા મળી છે**

# ગણપત યુનિવર્સિટી દ્વારા દુબઈ ખાતે યોજાયેલી "ગ્લોબલ મેરિટાઈમ સમિટ-૨૦૨૫"ને મળી ભારે મોટી ઐતિહાસિક સફળતા !

**૫૦૦થી વધુ વ્યાવસાયિકો અને નિષ્ણાતો પ્રત્યક્ષ રીતે તો અગિયાર દેશોનાં ૨૦૦૦ કરતાં વધુ જીજ્ઞાસુઓએ ઓનલાઈન ઉપસ્થિત રહી સમિટમાં થયેલા જ્ઞાનનાં આદાન-પ્રદાનનો લીધો લાભ !**





• અમદાવાદ

ગણપત યુનિવર્સિટી - એજ્યુકેશન સર્વિસિસ એફ.ઝેડ. એલએલસી(જી.ઈ.એસ) ના ઉપક્રમે યોજાયેલી આ "ગ્લોબલ મેરિટાઈમ સમિટ-૨૦૨૫"નો કેન્દ્રવર્તી વિચાર હતો - "ફ્યુચર ઓફ ગ્લોબલ મેરિટાઈમ: ડિઝિટલાઈઝેશન, ડિ-કારબોનાઈઝેશન, ડાયવર્સિટી, ડિઝાઈન અને ડેવલપમેન્ટ." ગણપત યુનિવર્સિટીનાં આ અનોખા આયોજનને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફ્રેઈટ ફોર્વર્ડર્સ (આઈસીએસ) મિડલ ઈસ્ટ બ્રાંચ ( ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ શીપબ્રોકર્સ) અને એસી.પી.એ. ઈન્ડિયાનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો, તો એવિડ મેરી ટાઈમ ઈન્ટરનેશનલના ડાયરેક્ટર શ્રી ગગનદીપ રાજપાલ કટિયાલ, એચ.એસ.બી.સી., બેસ્ટ મેરી ટાઈમ, એ.આઈ.આર.ઝેન, ધી નવલ કનેક્શન નામની કંપનીઓ પ્લેટિનમ સ્પોન્સર્સ તરીકે જોડાયાં હતાં. સમિટની સૌથી મોટી સફળતા બની રહી તેના સહભાગીઓની મોટી સંખ્યા !યુએઈ અને દુબઈની સમગ્ર મેરિટાઈમ ઈન્ડસ્ટ્રીમાંથી ૫૦૦ થી વધારે મેરિટાઈમ પ્રોફેશનલ (વ્યવસાયિકો) આ સમિટમાં પ્રત્યક્ષ રીતે તો ૨૦૦૦ જેટલા જિજ્ઞાસુ વ્યવસાયિકોએ ૧૧ જેટલા દેશમાંથી ઓનલાઈન ઉપસ્થિત રહી આ સમિટમાં થયેલા વૈચારિક આદાન-પ્રદાનનો લાભ લીધો હતો મેરિટાઈમ ઈન્ડસ્ટ્રીમાં વૈશ્વિક કક્ષાએ આજકાલ જે મુદ્દાઓની વ્યાપક પણે ચર્ચા ચાલે છે અને ઉદ્યોગમાં જે મહત્વનાં બની ઉભરી રહ્યાં છે તેવાં "5D એટલે કે" ડિજિટલાઈઝેશન, ડિકાર્બોનાઈઝેશન, ડાયવર્સિટી, ડિઝાઈન અને ડેવલોપમેન્ટના સંદર્ભે મેરિટાઈમ ઉદ્યોગની ભવિષ્યની ચર્ચા-વિચારણાએ આ ઐતિહાસિક સમિટમાં વૈશ્વિક વિચારકો, ઉદ્યોગ નિષ્ણાતો, સ્ટાર્ટ-અપ્સ અને મેરિટાઈમ ઈન્ડસ્ટ્રીના વ્યવસાયિકોને એક પ્લેટફોર્મ ઉપર એકઠા થવા માટે ભારે મોટું પ્રોત્સાહન પૂરું પાડ્યું હતુંગણપત યુનિવર્સિટીનાં પેટ્રન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ-દાદાએ ઓનલાઈન ઉપસ્થિત રહી આ અવસરે આશીર્વચનો પાઠવ્યાં હતાં, તો ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓફ શીપિંગના આદરણીય શ્રી દીપેન્દ્રસિંહ બિસેને આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઓનર તરીકે ખાસ હાજરી આપી અવસરની શોભા વધારી હતી, તો દુબઈ પોર્ટસ ઓથોરિટીનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કેપ્ટન ઈબ્રાહીમ એહમદ અલબ્લુશી અને યુનિવર્સિટી ઓફ દુબઈના પ્રેસિડન્ટ માનનીય ડોક્ટર શ્રી એસા મોહમ્મદ બસ્તાકી - બંનેએ સ્પેશિયલ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહી આ ઈવેન્ટની શોભામાં અનેરી વૃદ્ધિ કરી હતી.

ગ્લોબલ મેરિટાઈમ સમિટ-૨૦૨૫ના ઉદ્ઘાટન સમારોહમાં પણ ગોલ્ડટેન્સ દુબઈ બ્રાન્ચના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રવીણ કીરોલીકર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફ્રેઈટ ફોર્વર્ડર્સનાં પ્રેસિડન્ટ શ્રી તેજ કોન્ટ્રાક્ટર, એમટીએમ શીપ મેનેજમેન્ટનાં ડિરેક્ટર કેપ્ટન રાજીવ સિંઘલ, ઈન્ટર ઓસીન શીપ એન્જિનિયરિંગ સર્વિસિસનાં ડિરેક્ટર મિસ ગીતા છાબરા, ટોમીની ગ્રુપનાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી પ્રદીપ બાજપાઈ સહિત અનેક મહેમાન મહાનુભવોએ ઉપસ્થિત રહી સમારોહની સાર્થકતામાં મુલ્યવાન ઉમેરો કર્યો હતો. ગ્લોબલ મેરીટાઈમ સમિટ-૨૦૨૫ના ઉદ્ઘાટન સમારોહમાં ગણપત યુનિવર્સિટીનાં માન. ગ્રુપ પ્રો ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્માએ પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે "સમુદ્ર ફક્ત ભૂગોળ નથી, તે ગતિશીલ સભ્યતા છે.

મહાસાગરો બદલાઈ રહ્યા છે, ત્યારે આપણે પણ બદલાવ લાવવો જોઈએ." ગણપત યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડો. રાકેશ પટેલ, ડોક્ટર સૌરભ દવે, ડો. સત્યેન પરીખ અને એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડો. ગિરીશ પટેલ સહિત અનેક મહાનુભાવોએ પણ ગ્લોબલ મેરિટાઈમ સમિટમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી સમિટની સફળતા માટે મૂલ્યવાન પ્રદાન કર્યું હતું. આ ઈવેન્ટની ભવ્ય સફળતા પાછળ ચિફ રિલેશન્સ ઓફિસર ડો.રેમી મિત્રા અને એસોસિએટ એક્ઝિક્યુટિવ ડીન અને ચેર પર્સન CMSR ડો. પ્રિયંકા પાઠક, ડો.સૂરજ શાહ, ચેર પર્સન, SAS-GUNI GCA, કા. એક્ઝિક્યુટિવ ડીન- FMTS, GUNI કેપ્ટન ગિરિરાજ તેજરા, ડાયરેક્ટર, પ્લેસમેન્ટ એન્ડ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન ડૉ. કિશોર બારડ, ,ડાયરેક્ટર, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ- FMTS કેપ્ટન જીતેન્દ્ર રાવત, અને સહાયક પ્રાધ્યાપક, FMTS શ્રી મિહિર પટેલ તથા શ્રી અરુણ રાઠી વગેરેએ પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું હતું. તેમજ વિવિધ ફેકલ્ટીઝના ડિપાર્ટમેન્ટસ અને ઈન્સ્ટિટયૂટના વડા અને મહત્વના અધિકારીઓ, બોર્ડ ઓફ ગવર્નર્સ માનવંતા સભ્યો તેમજ ટ્રસ્ટીગણના આદરણીય સભ્યોએ ઓનલાઈન ઉપસ્થિત રહી આ સમિટમાં સહભાગિતા નોંધાવી હતી.

યુએઈનાં "ટોપ કોર્પોરેટ્સ" ઉપરનું એક પુસ્તકનું તેમજ ભવિષ્યમાં યોજાનારી કોન્ફરન્સ અને ઈન્ટરનેશનલ કેસ સ્ટડી વર્કશોપ ઉપરના "બ્રોશર"નું પણ આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વિમોચન થયું હતુંઆ પ્રસંગે ગણપત યુનિવર્સિટીએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફ્રેઈટ ફોર્વર્ડર્સ તથા એવિડ મરીન ઈન્ટરનેશનલના ડિરેક્ટર શ્રી ગગનદીપ રાજપાલ કટિયાલ સાથે લેટર ઓફ ઈન્ટેન્ટ (LOI) પર પણ હસ્તાક્ષર કર્યા, જેના માધ્યમથી સંયુક્ત અભ્યાસક્રમોના વિકાસ અને કૌશલ્ય વૃદ્ધિ કાર્યક્રમો દ્વારા દરિયાઈ શિક્ષણને વધુ મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય સિદ્ધ કરવામાં આવશે. આ મેરિટાઈમ સમિટમાં ત્રણ હાઈ ઈમ્પેક્ટ પેનલ ચર્ચાઓનું આયોજન થયું હતું જેમાં પહેલું સત્ર હતું "ડિકાર્બોનાઈઝેશન ઈન ધ મેરી ટાઈમ ઈન્ડસ્ટ્રીઝ-ગ્રીન એનર્જી અને સસ્ટેનેબિલિટી ઉપર - તો બીજું સત્ર હતું ડિજિટલાઈઝેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ ઈન મરીન ઈન્ડસ્ટ્રી વિષય ઉપર. અને છેલ્લું અને ત્રીજું સત્ર હતું "જેન્ડર ડાઈવર્સિટી એન્ડ વર્ક ફોર્સ ઈન્ક્લુસન ઈન ધ મેરિટાઈમ ઈન્ડસ્ટ્રી" વિષય ઉપર. સમગ્ર અવસરના અંતે ચિફ રિલેશન્સ ઓફિસર ડો.રેમી મિત્રા અને એસોસિએટ એક્ઝિક્યુટિવ ડીન અને ચેર પર્સન CMSR ડો. પ્રિયંકા પાઠકે સૌ વક્તાઓ, સ્પોન્સર્સ અને તમામ સહભાગીઓનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

# એર ઈન્ડિયાની દિલ્હીની ફ્લાઈટમાં ક્ષતિ સર્જાતાં મુસાફરોએ હનુમાન ચાલીસા કર્યા

## દિલ્હીથી આવતી ફ્લાઇટના પાઇલટે એનાઉન્સમેન્ટ કરતાં યાત્રી ફફડ્યા

• વડોદરા

વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાની અન્ય ફ્લાઈટમાં પણ ક્ષતિ સર્જાવાથી ઉડાન રદ કરવી પડે તેવા સંજોગો ઊભા થઈ રહ્યા છે. રવિવારે સાંજે આવી સ્થિતિ સર્જાતાં ફ્લાઈટ પરત દિલ્હી બોલાવવાની ફરજ પડી હતી. દિલ્હી-વડોદરાની શિડ્યૂલ ફ્લાઈટનો 6:25 વાગ્યાનો સમય હતો, જે ટેક્નિકલ કારણોથી 25 મિનિટ મોડી ઊપડી હતી.



જોકે ફ્લાઈટ રાજસ્થાન બોર્ડર સુધી પહોંચ્યા બાદ પાઈલટે લેન્ડિંગ ગિયરમાં ખરાબી હોવાનું એનાઉન્સ કરતાં ફ્લાઈટમાં સવાર 350 યાત્રીના જીવ તાળવે ચોંટ્યા હતા.પ્લેનમાં સવાર વડોદરાના મુસાફર મિતેશ મોદીએ કહ્યું કે, ફ્લાઈટમાં એસી બરાબર કામ કરતાં નહોતાં. દરમિયાન પાઈલટે લેન્ડિંગ ગિયરમાં ખરાબી હોવાનું અને પ્લેન પરત દિલ્હી જઈ રહ્યું હોવાનું એનાઉન્સમેન્ટ કરતાં અમદાવાદ જેવી દુર્ઘટના સર્જાશે તેવો ડર મુસાફરોમાં છવાયો હતો. જેથી મુસાફરોએ હનુમાન ચાલીસા, ભગવાનનું સ્મરણ અને આકસ્મિક સંજોગોમાં શું કરવું તેની ચર્ચા શરૂ કરી હતી.20 મિનિટ મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. તે પછી દિલ્હીમાં ફ્લાઈટના ઉતરાણ બાદ લેન્ડિંગ ગિયર રિપેર કરવાનું શરૂ થયું હતું. પ્લેનમાં જમવાનું આપ્યા બાદ ફ્લાઈટ ફરી ઉડાન ભરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી રદ કરાઈ હતી. મુસાફરોએ અન્ય વ્યવસ્થા માટે જણાવતાં હોબાળો મચ્યો હતો. રાત્રે 11 વાગે મુનાઈટ સ્ટે માટે રજૂઆત કરી હતી, પરંતુ વ્યવસ્થા થઈ નહોતી. આખરે કેટલાકે ટિકિટ રદ કરાવી, જ્યારે કેટલાકે અન્ય ફ્લાઈટમાં ટિકિટ બુક કરાવી હતી. એર ઈન્ડિયા દ્વારા 4 દિવસ સુધીનાં શિડ્યૂલ મુજબ મુસાફરોને સેટ કરવાની વ્યવસ્થા કરી હતી.

# વડોદરામાં જાહેરમાં કચરો નાખનારાની હવે ખેર નહી

• વડોદરા

શહેરને સ્વચ્છ બનાવવાની મ્યુ. કમિશનરની સૂચના છતાં તંત્ર નિષ્ક્રિય દેખાઈ રહ્યું છે. પાણીગેટ ભદ્ર કચેરી રોડ પર નાની છીપવાડ અને ખત્રી પોળ વચ્ચે અન્ય વિસ્તારમાંથી આવી કચરો નાખી હેરાનગતિ કરાઈ રહી હોવાના આક્ષેપ થયા છે. સ્થાનિક લોકોએ તંત્રની આશા છોડી જાતે જ મોરચો સંભાળ્યો છે. રહીશોએ કચરો નાખતા લોકોનો વીડિયો ઉતારીને તેમણે નાખેલો કચરો ઉઠાવી લેવાની ફરજ પડાવી હતી.

પાણીગેટ ભદ્ર કચેરી રોડ પર ખત્રી પોળ અને નાની છીપવાડની વચ્ચે વર્ષોથી કચરો નખાતાં રહીશોનું જીવવાનું મુશ્કેલ બન્યું છે. લારી-ગલ્લા અને દુકાનદારો દ્વારા ઈંડાં અને માંસ-મટનનો કચરો પણ ઠલવાતો હોવાની અનેક ફરિયાદ સ્થાનિકોએ કરી છે. ઉપરાંત હિન્દુ વિસ્તારને ખાલી કરાવવાના ષડ્યંત્ર રૂપે આ કૃત્ય આચરી લોકોને પરેશાન કરાઈ રહ્યા હોવાના આક્ષેપ પણ થયા હતા. જેથી હવે તંત્રના ભરોસે રહેવાને બદલે સ્થાનિક રહીશોએ જાતે મોરચો સંભાળ્યો છે. મહિલાઓ સહિત વૃદ્ધોએ સવારથી કચરો નાખવા આવતા લોકોને રોકી તેમનો વીડિયો બનાવી કચરો પરત લઈ જવા ટકોર કરી હતી. બીજી તરફ કચરો અહીંથી ઉઠાવી કચરાપેટીમાં નાખવા અપીલ પણ કરી હતી. આસપાસના વિસ્તારમાંથી કચરો નાખવા આવેલા લોકો સ્થાનિકોના હાથે ઝડપાયા હતા. અગાઉ થયેલી ફરિયાદ બાદ નિદ્રાધીન તંત્ર જાગ્યું હતું, પરંતુ એક દિવસ કામગીરી કરી ફરી નિષ્ક્રિય થતાં રોષ ફેલાયો છે. રહીશોનું કહેવું છે કે, આખા વિસ્તારનો કચરો સફાઈ કામદારો આ સ્થળે કચરો નાખી જાય છે, જે બંધ કરાવવું જોઈએ.

**યજ્ઞેશ શાસ્ત્રીએ પેવર બ્લોક માટે 5 લાખ ચૂકવ્યા હોવાનો અરજીમાં જે આક્ષેપ કર્યો હતો, તેનો પુરાવો મળ્યો !**

# પેટ્રોલપંપ પડાવી લેવાના પ્રકરણે ભાજપના નેતાઓ સામે તપાસ શરૂ

• વડોદરા

ભાજપના પૂર્વ શહેર પ્રમુખ અને ડે.મેયર સહિતનાએ પેટ્રોલપંપ પડાવ્યાના આક્ષેપ સાથે પેટ્રોલપંપ માલિકે 10 શખ્સ સામે ગૃહ મંત્રીને ફરિયાદ કરતાં શહેર ભાજપમાં હડકંપ મચ્યો છે. તેમણે ભાજપના નેતાઓની મિલકત સહિતના પુરાવા મીડિયા સમક્ષ રજૂ કર્યા હતા. ઉપરાંત તેમની અરજી અંગે પોલીસે 2 માસ સુધી તપાસ કરી નેતાઓનાં નિવેદન લીધાં હોવાનો દાવો કર્યો છે. બીજી તરફ એડિ. સીપી લીના પાટીલને પૂછતાં તેમણે કંઈ કહેવાનો ઈનકાર કર્યો હતો.

પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ડો.વિજય શાહ, ડે.મેયર ચિરાગ બારોટ સહિતના હોદ્દેદારોએ પેટ્રોલપંપ પડાવી લીધો હોવાના આક્ષેપ સાથે ગૃહ મંત્રીને ફરિયાદ કરનાર અટલાદરાના યજ્ઞેશ શાસ્ત્રીએ સોમવારે પત્રકાર પરિષદ સંબોધી નેતાઓ અને પોલીસ તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ઉચ્ચ સ્તરે ફરિયાદ કર્યા બાદ ગૃહ મંત્રાલયની સૂચના મુજબ એડિ. સીપી લીના પાટીલ તપાસ કરી રહ્યાં છે. 2 મહિનાથી તપાસ દરમિયાન ભાજપના નેતાઓ સહિતના સંકળાયેલા તમામ લોકોનાં નિવેદન લીધાં છે. એક સપ્તાહ પછી પોલીસ રિપોર્ટ ઉપર મોકલાવશે અને ત્યાંથી કાર્યવાહી થશે.

શાસ્ત્રીએ પરિવારના રક્ષણની માગ કરી છે. તેમણે નેતાઓ પાવરફુલ છે અને પોલીસ અધિકારીઓ તેમના ઈશારે કામ કરે છે ત્યારે તેમની કે પરિવારના સભ્યની હત્યા કરાય તેવી આશંકા વ્યક્ત કરી સરકાર સમક્ષ તલસ્પર્શી તપાસની માગ કરી છે. ભાજપના નેતાઓની મિલકતો, ફાર્મ હાઉસની મહેફિલોના પુરાવા હોવાનો ભાસ્કર સાથેની વાતમાં દાવો કર્યો છે.

ભાજપના ટોચના નેતાઓએ પેટ્રોલપંપ પડાવ્યો હોવાની ફરિયાદ ગૃહ મંત્રીને કરી હોવાનો ઘટસ્ફોટ થતાં રાજકીય મોરચે ખળભળાટ મચ્યો હતો. દિવસભર ભાજપના નેતાઓના કથિત કૃત્ય સંદર્ભની ચર્ચાએ જોર પકડ્યું હતું. ભાજપના હોદ્દેદારો અને નેતાઓએ આ સંદર્ભે કંઈ કહેવાનો ઈનકાર કર્યો હતો. બીજી તરફ કોંગ્રેસે આ મુદ્દે સરકારને નિશાને લીધી હતી.

પેટ્રોલપંપ માલિક યજ્ઞેશ શાસ્ત્રીના ફાર્મહાઉસમાં જે પેવર બ્લોક નખાયા હતા તે જૂના પાદરા રોડ પર ટાગોરનગર નજીક આવેલા પ્લોટમાંથી પગ કરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આ પેવર બ્લોક પેટે શાસ્ત્રીએ રૂા. 5 લાખ ચૂકવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. જેના પુરાવા રૂપે તેમના બેંક એકાઉન્ટમાંથી ડે.મેયર ચિરાગ બારોટના પુત્ર નીલના ખાતામાં આરટીજીએસથી



5 લાખ ટ્રાન્સફર થયા હતા. 3 જુલાઈ-2024નો આ સ્ક્રીનશોટ વાઈરલ થયો છે. જોકે આ નાણાં ધંધાકીય લેવડ-દેવડના હોવાનું ડે.મેયર ચિરાગ બારોટે રવિવારે જણાવ્યું હતું.

ચોંકાવનારી વાત તો એ છે કે, શાસ્ત્રીએ પત્રકાર પરિષદમાં ચિરાગ બારોટની 4 હોટલ, 2 પેટ્રોલપંપ અને કિંખલોડમાં જમીનોમાં રોકાણ કર્યું હોવાનો મિલકતોનો કાચો ચિટ્ઠો ખોલ્યો હતો તેમજ તેમનો વહીવટ મૃગેશ પટેલ નામનો વ્યક્તિ કરતો હોવાનું પણ જણાવ્યું હતું.

# શહેરમાં કોરોનાના વધુ 9 પોઝિટિવ દર્દી નોંધાયા, 2 કોરોનામુક્ત જાહેર

## દિવાળીપુરા સહિતના વિસ્તારમાં તાવના 1100 દર્દી નોંધાયા

• વડોદરા

શહેરમાં છેલ્લા 15 દિવસથી કોરોનાના કેસો સામે આવી રહ્યા છે. સોમવારે કોરોનાના શંકાસ્પદ 378 દર્દીઓના ટેસ્ટ કરાયા હતા, જેમાં 9 પોઝિટિવ આવ્યા હતા. આ સાથે 2 દર્દીઓ કોરોનામુક્ત થયા હતા. શહેરમાં કુલ 52 સક્રિય દર્દી છે. આ સાથે શહેરમાં 1102 તાવના કેસો સામે આવ્યા હતા.ફતેગંજ, બિલ, આદર્શનગર, ગોકુલનગર, સમા અને દંતેશ્વર વિસ્તારમાં સોમવારે શંકાસ્પદ 378 લોકોના ટેસ્ટ કરાતાં 4 મહિલા સહિત 9 દર્દી પોઝિટિવ આવ્યાં હતાં. 7 દર્દીઓ 19 થી 60 વર્ષના છે અને 2 દર્દી 60થી વધુ વયના છે. બીજી તરફ સોમવારે 2 લોકો કોરોનામુક્ત થયા હતા. હાલમાં શહેરમાં 25 લોકો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. બીજી બાજુ આરોગ્ય વિભાગે શિયાબાગ, તાંદલજા અને દિવાળીપુરામાં 67,123 ઘરોમાં 2.98 લાખ લોકોનો સરવે કર્યો હતો. જેમાં 1102 તાવના દર્દી મળ્યા હતા. આ સાથે ઝાડાના 58 કેસો સામે આવ્યા હતા.ટીમ દ્વારા ડેન્ગ્યૂના શંકાસ્પદ 64 દર્દીની તપાસ કરતાં 1 પોઝિટિવ કેસ મળ્યો હતો. જ્યારે ટાઈફોઈડના શંકાસ્પદ 33 દર્દીમાંથી 1 પોઝિટિવ નોંધાયો હતો. સાથે ટીમ દ્વારા 28 કન્સ્ટ્રક્શન સાઈટ તપાસાઈ હતી, જેમાંથી 3ને નોટિસ અપાઈ હતી. જ્યારે 23 શાળા-કોલેજોની તપાસ કરી 2ને નોટિસ ફટકારવામાં આવી હતી.

**ન્યૂઝ ફોકસ** આ કામગીરીમાં અધિકારી કર્મચારીઓમાં પોલીસ ઇન્સ્પેક્ટર ડી.જી. ગોહિલ તથા એ.એસ. આઇ વિરમભાઈ સરમણભાઈ, ભાવિનભાઈ પ્રવીણભાઈ તથા હેડ કોસ્ટેબલ વિશાલભાઈ રવજીભાઈ પ્રકાશ ધનજીભાઈ ,નિખિલભાઇ ઘેલાભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ ધીરુભા, કનકસિંહ પરાક્રમસિંહ ,ભરતભાઈનાથાભાઈ મહીપતસિંહ પ્રવિણસિંહ સહિતના જોડાયા હતાં

# પોરબંદર : બોખીરા ટ્રકમાં ભરેલ સિમેન્ટના પથ્થરની આડમાં છૂપાવેલ વિદેશી દારૂ ઝડપાયો

## ઉદ્યોગનગર પોલીસની સતર્કતાના લીધે બોખીરા વિસ્તારમાંથી કટિંગ કરીને રૂ.૩૫ લાખ ઉપરનો દારૂનો મુદ્દામાલ સગેવગે કરે તે પહેલા પોલીસ ત્રાટકી : બે ઝડપાયાં અન્ય આરોપી ફરાર

• વિરમભાઈ કે. આગઠ પોરબંદર

પોરબંદર ગાંધીભૂમિમાં દારૂની રેલમ છેલમ બોલાવે તે પહેલા ઉદ્યોગ નગર પોલીસે પોરબંદરના બોખીરા વિસ્તારમાં રેડ પડી દારૂ ભરેલો ટ્રક પકડી પાડવા સફળતા મળી છે. બોખીરા વિસ્તારમાં રાત્રિના સમયે ટ્રકમાંથી બોલેરામાં દારૂનું કટીંગ કરવામાં આવે તે પહેલા પોલીસે દરોડો પાડીને ઈંગલિશ દારૂની બોટલો રૂપિયા ૩૫ લાખ ઉપરનો માલ જપ્ત કર્યો છે. અને બે આરોપીને પકડી પાડ્યા છે તેમજ અન્ય આરોપી ફરાર થઈ ગયા છે જુનાગઢ રેજના પોલીસ મહાન નિરીક્ષક નિલેશ જાજડીયાનાઓ તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા ના ઓ દ્વારા પોરબંદર જિલ્લામાં દારૂ જુગારને પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ કરવા સૂચના કરેલ હોયજે સૂચના અન્વયે પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજિત મહેડુ નાઓ ના માર્ગદર્શન હેઠળ ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડીજી ગોહિલ તથા સર્વલન્સ સ્કવોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર ડીજી ગોહિલ ના ઓને ખાનગી બાતમી રહે હકીકત મળેલ કે પોરબંદર બોખીરા રબારી સમાજની વંડીમાં અમુક માણસો ટ્રકમાં ભરેલ ઈંગ્લિશ દારૂનો જથ્થો બોલેરો પીકઅપ વાહનમાં હેરફેર કરે છે જે હકીકત આધારે હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા દેવા જેઠા કોડીયાતર ઉંમર વર્ષ ૨૬,રહેવાસી બોખીરા,રબારી કેડા પોરબંદર તથા કરમણ રૈયા કોડીયાતર ઉંમર વર્ષ ૨૬,રહે બોખીરા સરકારી વાવ પાસે પોરબંદર વાળા આરોપીઓ ને ભારતીય બનાવટના વિવિધ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની ૧૧૮૬૮ બોટલો કીમત રૂપિયા ૩૫ લાખ ઉપર તથા એક ટ્રક અને બોલેરો પીકઅપ બાન તથા મોબાઈલ ત્રણ મળી કુલ રૂ.૬૬૪૫૯૩૨ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરને કાર્યવાહી કરી ઈંગ્લિશ દારૂનો ગણના પાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય ઉદ્યોગ નગર પોલીસે કામગીરી કરી છે પોરબંદર ના બોખીરા વિસ્તારમાં થી ઉદ્યોગનગર પોલીસે ૪૫૦ પેટી કરતા વધુ પેટી વિદેશી દારૂની પકડી પાડી છે. આ વિદેશી દારૂ એક ટ્રકમાં સિમેન્ટના પથ્થરની આડસમાં સંતાડીને બોખીરા વિસ્તાર સુધી રાત્રિના સમયે લઈ આવી બોલેરો પીકપ વાનમાં કટીંગ કરીને હેરફેર કરે તે પહેલા ઉદ્યોગ નગર પોલીસ ત્રાટકી એક ટ્રક બોલેરો વાહન તેમજ બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમજ આ કેસમાં અન્ય આરોપી ફરાર થવામાં કામયાબ થયા છે જેની સામે પણ પોલીસે ફરિયાદ દાખલ કરી ફરાર આરોપીઓને શોધખોળ શરૂ કરી છે ઉદ્યોગ નગર પોલીસ પેટ્રોલિંગમાં હતી એ દરમિયાન રાત્રિના અંધકારમાં ટ્રકમાં વિદેશી દારૂનો મોટે પાયે જથ્થો લાવી અને આ માલને સગેવગે કરવાના હોય તેવી બાત બીને આધારે રબારી સમાજને વંડી નજીક રેડ દરમિયાન ટ્રક અને બોલેરો મળી આવ્યા હતા. રેડ દરમિયાન બે શખ્સો ફરાર થયા હતા અને પોલીસે ટ્રકમાં તપાસ કરતા વિદેશી દારૂનો મોટો જથ્થો એટલે કે ૧૧૮૬૮ વિવિધ બ્રાન્ડ ને ઈંગ્લિશ દારૂની બોટલો કિંમત રૂપિયા 35 લાખ ઉપરના જથ્થાને પકડી પાડ્યો છે બોખીરામાં દારૂ દેવા લા ધા મારું નામના ઈસમે મંગાવ્યો હતો તેવું બહાર આવેલ. તેમજ વિદેશી દારૂનો જથ્થો ભરી આવનાર ટ્રકના ચાલક તેમજ મહિન્દ્રા કંપનીનો બોલેરાનો ચાલક ફરાર થઈ ગઈ હોય તેઓને સામે કાયદેસરને કાર્યવાહી કરી તેઓને શોધખોળ પોલીસ કરી રહી છે. આ કામગીરીમાં અધિકારી કર્મચારીઓમાં પોલીસ ઈન્સ્પેક્ટર ડી.જી. ગોહિલ તથા એ.એસ. આઈ વિરમભાઈ સરમણભાઈ, ભાવિનભાઈ પ્રવીણભાઈ તથા હેડ કોસ્ટેબલ વિશાલભાઈ રવજીભાઈ પ્રકાશ ધનજીભાઈ ,નિખિલભાઇ ઘેલાભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ ધીરુભા, કનકસિંહ પરાક્રમસિંહ ,ભરતભાઈનાથાભાઈ મહીપતસિંહ પ્રવિણસિંહ, ભૌતિક કુમાર હરિભાઈ,યશપાલસિંહ ગજેન્દ્રસિંહ ,વિક્રમ ટીડાભાઈ, ભાવિન વજુભાઈ ,અશ્વિન નારણભાઈ દ્વારા કરવામાં આવેલ છે





**એકતાના દર્શન** સંસ્થાના ત્રીજા સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના તમામ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્નેહમિલનને સફળ બનાવ્યું

# સિવાંચી માલાણી જૈન સંઘ અમદાવાદ ઉત્તરનો સ્નેહમિલન સમારોહ આનંદ અને ઉત્સાહ સાથે સંપન્ન

## પ્રમુખ રાજેન્દ્ર ભણસાલીએ સ્વાગત સંબોધન દરમિયાન તમામ મહેમાનોનું સ્વાગત કર્યું અને સંઘની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો







• અમદાવાદ

રાજસ્થાન રાજ્યના સિવાંચી માલાણીઅમદાવાદ ઉત્તર વિસ્તારના જૈન સમુદાયના ના સંગઠન, સિવાંચી માલાણીજૈનસંઘઅમદાવાદઉત્તરનો સ્નેહમિલન સમારોહ રવિવાર, 15 જૂનના રોજ રૂકમણી બેન ભાવસાર કોમ્યુનિટી હોલ સાબરમતી ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં સિવાંચી માલાણી ઉત્તર અમદાવાદ વિસ્તારના લોકોએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો. સંગઠનના મીડિયા પ્રભારી મુકેશ આર. કંકુચૌપડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, સંગઠનના પ્રમુખ રાજેન્દ્ર ભણસાલી, મંત્રી ભરત ગોઠી, ખજાનચી વિજયરાજ ચોપડા, સ્નેહમિલન લાભાર્થીઓ: દીપચંદજી જીરાવલા, મૂળચંદજી સાલેચા, ઘેવરચંદજી તાતેડ, રમેશજી બોકાડિયા, અશોકજી માણડોત, પોષ દશમી લાડુ વિતરણના લાભાર્થીઓ રૂપચંદજી સંકલેચા વગેરે મંચ પર હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શૈલેષ પટવારીના મધુર અવાજમાં નમસ્કાર મહામંત્ર રજૂ કરીને થઈ. અલકા સાલેચા, ખુશાલી ભણસાલી, સમતા સાલેચા અને રંજુ સાલેચાએ સુંદર મંગલાચરણ અને સ્તવન રજૂ કરીને પોતાના મધુર અવાજથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા. પ્રમુખ રાજેન્દ્ર ભણસાલીએ સ્વાગત સંબોધન દરમિયાન તમામ મહેમાનોનું સ્વાગત કર્યું અને સંઘની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો. કાર્યક્રમ દરમિયાન અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃતકોને મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ, સ્નેહમિલનના તમામ લાભાર્થી પરિવારોને સંઘ દ્વારા માળા, ખેસ, સાફા અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા અને અભિનંદન પાઠવવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન, સમાજના પ્રતિભાશાળી પાયલોટ મોક્ષા અરવિંદ શાહનું સન્માન કરવામાં આવ્યું. વક્તાઓ હનુમાનચંદ અને અશોક માંડોત સમાજના મહત્વપૂર્ણ કાર્યક્રમ, સ્નેહમિલન પર પ્રકાશ પાડ્યો. વક્તાઓએ સમાજને મજબૂત બનાવવા માટે સામાજિક, ધાર્મિક, માનવતાવાદી અને જીવદયા કાર્યો માટે પ્રેરણા આપી. ઉલ્લેખનીય છે કે સંઘ આરોગ્યના દૃષ્ટિકોણથી B12 મેડિકલ શિબિર, યાત્રા પ્રવાસ , જીવદયા અને માનવ સેવાનું આયોજન કરે છે. સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી મહાવીર છાજેડ શિવાંચી માલાણી વિસ્તારના પરિવારોમાં પરસ્પર પરિચયનો પાયો મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી સંસ્થાની સ્થાપના વિશે વાત કરી અને સમાજના તમામ પરિવારોને સંસ્થાના સભ્ય બનવા પ્રેરણા આપી. અંતમાં, સંઘના મંત્રી ભરત ગોઠીએ સૌનો આભાર માન્યો.

કાર્યક્રમનું સંચાલન મુકેશ આર. કંકુચોપડા કર્યું. સંસ્થાના ત્રીજા સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના તમામ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્નેહમિલનને સફળ બનાવ્યું.

લૂંટના ઈરાદે પતિ પત્નીની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાઈ હોવાનું અનુમાન

# લાખણી તાલુકાના જસરા ગામે ઘર આંગણે રાત્રે સૂઈ રહેલાં દંપતી ની ક્રુર હત્યા કરી અજાણ્યા શખ્સો ફરાર

**પરિવારમાં માતમ છવાયો** પોલીસે આરોપીને ઝડપી પાડવા ડોગ સ્કવોડ એફ એસ એલ ની મદદ લીધી

• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની દ્વારા

બનાસકાંઠા લાખણી તાલુકાના જસરા ગામે રવિવારની રાત્રીના સમય ઘર આંગણે સૂઈ રહેલ દંપતીની વહેલી સવારે લોહી લુહાણ હાલતમાં લાશ મળતા ચકચાર મચી જવા પામી છે જેમાં કોઈ અજાણ્યા શખ્સોએ લૂંટના ઈરાદે તીક્ષણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હોવાનું અનુમાન છે જેમાં બનાવના પગલે બનાસકાંઠા SP સહિત પોલીસ દોડી આવી હત્યારા આરોપી ને ઝડપી પાડવા ડોગ સ્કવોડ અને એફ એસ એલની મદદ લઈ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે જાણવા મળતી માહિતી મુજબ લાખણી તાલુકાના જસરા ગામે રહેતા ખેડૂત વર્ધાજી ચૌધરી ઉં ૬૫ અને હોશીબેન ચૌધરી ઉ ૬૦ રવિવારે રાત્રે ઘર આંગણે સૂતા હતા જેમાં વહેલી સવારે બંને વૃદ્ધ પતિ પત્ની ની લોહી લુહાણ હાલતમાં મૃતદેહ જોવા મળતા આજુ બાજુ માંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા અને બનાવ ની જાણ આગથાળા પોલીસ ને કરતા પોલીસ પણ બનાવ સ્થળે દોડી આવી હતી જેમાં રવિવારે રાત્રીના સમયે કોઈ અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી લૂંટ કરવાના ઈરાદે વૃદ્ધ દંપતીને તીક્ષણ હથિયારના ઘા ઝીંકી કુર્તાપૂર્વક હત્યા કરી હોવાનું સામે આવતા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા પણ જસરા ગામે દોડી આવ્યા હતા અને અલગ અલગ ટીમો બનાવી ડોગ સ્કવોડ એફ એસ એલ ની મદદ લઈ વૃદ્ધ દંપતીની નિર્ભયા પૂર્વક હત્યા કરનારા આરોપી ને ઝડપી પાડવા ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે આ બાબતે એસ પી અક્ષયરાજ મકવાણાએ કહ્યુ હતુ કે પ્રાથમિક દ્રષ્ટિએ એવું માની શકાય કે ચોરી અને લૂંટ ના ઈરાદે દંપતી ની હત્યા કરવામાં આવી છે હત્યારા ઓ દંપતી ના પગ ના અંગો કાપી ઘરેણાં તેમજ કાનની બ્યુટી પણ લઈ ગયેલ છે તેમજ ઘર ની તિજોરી પણ તોડેલ જણાય છે અને આ મામલે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે જસરા ગામના ખેતરમાં જે જગ્યાએ દંપતી ના ઘરે હત્યા અને લૂંટ કરવામાં આવી છે તેજ ઘરમાં પંદર દિવસ પહેલા જ આ દંપતીના દીકરી ના લગ્ન હતા અને ધામધૂમ થી લગ્ન કર્યા હતા અને નવ જૂને સ્કૂલો ચાલુ થતાં તમામ પરિવાર દીકરા દીકરીઓ તેઓ બહાર ગામ ગયા હતા અને તેના પછી દંપતીઓ એકલા રહેતા હતા









# વાઘોડિયા થી માડોધર જાહેર માર્ગ પર ઉભરાતી ગટરોનું સામ્રાજ્ય

રહિશો ત્રાહિમામ્ પોકારી ઊઠયા

• કિશન રોહિડા વાઘોડિયા

વાઘોડિયા નગરમાં વર્ષો જૂની ગટર લાઈન ચોમાસા દરમિયાન માથાં ના દુઃખાવા સમાન બની રહી છે જુનિ જર્જરિત બનેલ ગટર લાઈન પાછળ ઠેકઠેકાણે લાખો રૂપિયા મેનટેલેશ પાછળ ખર્ચેવા છતાં છાસવારે ઠેકઠેકાણે ગટરો ઉભરાતા રહિશો ત્રાહિમામ્ પોકારી ઊઠયા છે નવી ગટર લાઈન જ્યાં સુધી નહીં નાખવામાં આવે ત્યાં સુધી આ જ પ્રકારની પરીસ્થીતી નું નિર્માણ થતું રહેશે નું જાણકાર વર્તુળોમાંથી જાણવા મળી રહ્યું છે હાલ તાજેતરમાં પડેલા વરસાદના ઝાપટાં એ કૈલાસ પાર્ક,સિદધ કુટીર વચ્ચે બનાવેલ આર સી સી ના નવીન માર્ગ પર ચેમ્બર ના દુષિત પાણી ઉભરાતા આસપાસ ના નિચાણવાળા વિસ્તારોમાં ગટર નું દુર્ગંધ મારતાં પાણીના ખાબોચિયાં ભરાતા આજુબાજુ ના અને સ્થાનિક રહીશો ને રહેવું ભારે પડ્યું છે.



મુખ્ય માર્ગ પર દુર્ગંધ મારતાં પાણીના ખાબોચિયાં ના કારણે રાહદારીઓ અને વાહન ચાલકો ને અહિંથી પસાર થવા માટે મોંઢે હાથ રૂમાલ ફરજિયાત લગાવવાની નોબત આવી પડી છે સાથે સાથે જન આરોગ્ય સામે ખતરો હોવાના કારણે સ્થાનિકો માં રોષ ભભુકતો જોવા મળી રહ્યો છે દુર્ગંધ મારતાં દુષીત પાણી ના કારણે પાણી જન્ય રોગો માથું ઉંચકી શકે ની દહેશત સ્થાનિક રહીશો ને સતાવી રહી છે તાજેતરમાં ચોમાસું હજુ સુધી બરાબર ન જામતા મેઘરાજા હજુ મનમુકીને વરસ્યા નથી તે પહેલાં સદર સમસ્યાઓ દૂર થાય એવી સ્થાનિક રહીશો ની માંગ દોહરાવી છે

# પ્લેનક્રેશમાં નડિયાદની મહિલા અને કપડવંજના યુવકના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં

• નરેશ ગનવાણી નડિયાદ

અમદાવાદમાં બનેલી પ્લેનક્રેશ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ખેડા જિલ્લાના ૧૭ પ્રવાસીઓના મૃતદેહ એક પછી એક તેમના પરિવારને હવાલે કરવામાં આવી રહ્યા છે. સોમવારે નડિયાદના મોટા પોર વિસ્તારમાં રહેતી પટેલ હિના સૌરભકુમાર અને કપડવંજ તાલુકાના વડાલી ગામના પટેલ દીર્ઘ પ્રફુલભાઈના મૃતદેહ તેમના પરિવારજનોને આપવામાં આવ્યા હતા. મૃતદેહ ઘર પહોંચતાં પરિવારજનોમાં હૈયાફાટ શોક ફેલાયો હતો. સ્વજનોએ હૃદય પર પથ્થ મૂકીને હિન્દુ વિધી મુજબ બંનેના અંતિમ સંસ્કાર કરાવ્યા હતા. બંનેના ઘરે શ્રદ્ધાંજલિ આપવા સ્થાનિક નેતાઓ, અધિકારીઓ અને ગ્રામજનો પણ પહોંચ્યા હતા. વડાલી ગામમાં સ્થાનિક ધારાસભ્ય રાજેશ ઝાલાએ દીર્ઘ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. એ સિવાય પ્રાંત અધિકારી, મામલતદાર, TDO અને સ્થાનિક પોલીસ એ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. પ્લેનક્રેશમાં ખેડા જિલ્લાના કુલ ૧૭ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે, અને હજી મૃતદેહોને તેમના પરિવારને હવાલે કરવાનુ કામ ચાલુ છે.



# દહેજ GIDCમાં રામદેવ કંપનીમાં તીવ્ર પવનથી રેન્કનો ઘોડો પડતાં કામદારનું કરુણ મોત નીપજ્યું

• કેતન મહેતા, દહેજ

ભરૂચ જિલ્લાના દહેજ GIDC વિસ્તારમાં રામદેવ કંપનીમાં કામ કરતા કામદાર બિપીન અજય મંડળ પોતાની શિફ્ટ પૂરી કરીને હાથપગ ધોઈને બહાર નીકળી રહ્યો હતો તે સમયે તીવ્ર પવનના કારણે કંપની પરિસરમાં મૂકાયેલો રેન્કનો ઘોડો તેના પર પડ્યો હતો. જેથી ગંભીર ઈજાઓ થતાં બિપીનને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. માત્ર ત્રણ મહિનાથી કંપનીમાં કાર્યરત બિપીનના પરિવારજનોએ કંપની પાસે 10 લાખ રૂપિયાનું વળતર અને દર મહિને 30 હજાર રૂપિયાની સહાયની માંગણી કરી હતી. કંપનીના અધિકારીઓએ 10 લાખ રૂપિયાનું વળતર આપવાની બાંહેધરી આપી છે.

દહેજ પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાથી કંપનીના કર્મચારીઓ અને આસપાસના વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.



**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI